PNR સો., બે.મું. શાળા અને ફોરમની સંસ્થાઓ

# કોશિશ થી કામયાબી

Since 1-8-1974

વિકલાંગોના પુન:સ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ એપ્રિલ - ૨૦૨૨, અંક નં. ૧૧૨ / ૪૭૮



**PRV વર્કશોપમાં પ્રભાફૂટથી પગભર**

પેજ નં. પાંચ ઉપર



## ગરીબનું નસીબ ગરીબ..., પતિના ત્રાસથી ટ્રેઈન નીચે પડતું મૂક્યું તો ખરૂં, પરંતુ મૃત્યુ ન આવ્યું... પણ બે પગ કપાયા

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 April - 22 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# બહેરાં મૂંગા શાળા
## તસ્વીર સમાચાર



બાલ વૈજ્ઞાનિકોનું અભિવાદન



શ્રવણયંત્ર વિતરણ



મહિલા દિવસની ઉજવણી



નેસ્યોના બેસ્ટ ટીચર એવોર્ડથી કવિતાબેન શાહ સન્માનિત



યોગ કરતા શ્રવણમંદ બાળકો



વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી



મહિલા દિવસની ઉજવણી



ધૂળેટીની ઉજવણી

# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરાં મૂંગા શાળા તસ્વીર સમાચાર. . . . . . . . . . . ૦૨
- INDEX . . . . . . . . . . . . . . . . . . . . . . . ૦૩
- CONTENTS AT A GLANCE . . . . . . . . . . ૦૪
- પી.આર. વાધર વર્કશોપ . . . . . . . . . . . . . . ૦૫
- કૃત્રિમ હાથ-પગનો નિઃશૂલ્ક કેમ્પ યોજાયો . . . . . . ૦૬
- બધિર ભૂલકાઓને શ્રવણયંત્ર વિતરણ. . . . . . . . . ૦૬
- આંતરરાષ્ટ્રિય મહિલા દિવસની ઉજવણી . . . . . . . ૦૭
- આયુષીની સફર... . . . . . . . . . . . . . . . . ૦૭
- બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ) . . . . . . . . ૦૭
- ધો.૧૦ અને ધો.૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ . ૦૮
- મહુવા રિસોર્સ સેન્ટર . . . . . . . . . . . . . . . ૦૮
- મંદબુધ્ધિના બાળકની પ્રાર્થના . . . . . . . . . . . ૦૮
- પી. એન. આર. હૉસ્પિટલ . . . . . . . . . . . . . ૦૯
- શ્રધ્ધાંજલિ . . . . . . . . . . . . . . . . . . . . ૦૯
- સેરિબ્રલ પાલ્સી બાળકોની વિશિષ્ટ શાળા . . . . . . . ૧૦
- 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ . . . . . . . . . . . . ૧૧
- એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક . . . . . . . . . ૧૨
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ . . . . . . . . . . . . . ૧૩
- શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા . . . . . . ૧૫
- KLID - TTC - હિયરીંગ ઈમ્પાયર્ડ . . . . . . . . . ૧૬
- પી.આર.વી. કૃત્રિમ સાધન સહાય વર્કશોપ . . . . . . ૧૭
- 'અંકુર' મંદબુધ્ધિવાળાં બાળકોની શાળા . . . . . . . . ૧૮
- ટિચર્સ ટ્રેનિંગ કોલેજ (એમ.આર.) . . . . . . . . . . ૧૯
- નટરાજ લાઈબ્રેરીમાં નવા આવેલા પુસ્તકો . . . . . . . ૧૯
- દિવ્યાંગોને પ્રોત્સાહન - દિવ્યાંગોની સાફલ્ય ગાથાઓ . . ૨૦
- Donation List . . . . . . . . . . . . . . . . . . ૨૧
- PNR સોસાયટી તસ્વીર સમાચાર . . . . . . . . . . . ૨૩




**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

## નવો પડકાર : રશિયા-યુક્રેન વોર પછી દિવ્યાંગોનું પુનર્વસન

મહાન ઈતિહાસવિદ્ ડૉ. યુવલ નોઆ હરારી (ઈઝરાયલ) એ 'સેપિયન્સ' માં આધુનિક મનુષ્યના જીવનના બધાં જ પાસાઓના વિકાસનું આલેખન રસપ્રદ રીતે કર્યું છે ! આ પુસ્તકમાં ૭૦ હજાર વર્ષ પહેલા એક તુચ્છ જાનવર તરીકે પેદા થઈને આખી પૃથ્વીના માલિક અને સમગ્ર પ્રાકૃત્તિક જીવન માટે આતંકી બની ગયેલા 'હોમો સેપિયન્સ' ની દિલધડક કહાની વર્ણવી છે.

જન્મજાત અને પછી મેળવેલી વિકલાંગતાઓ પર ગજબનું કામ થયું છે કે બંને સ્ટેજે લગભગ પહોંચી ગયા છીએ અને ઈન્કલુઝન અમલમાં છે. પણ કોરોના અને કલ્પના બહારની આવી પડેલ રશિયા-યુક્રેનની મહાયુધ્ધ વિભિષીકા, જેણે વિકાસ સંસાધનો, સંપત્તિ, માનવો અને પર્યાવરણને ધ્વસ્ત કરી નાખ્યાં. દુનિયા પર વર્ચસ્વ તથા ગેસ-ઓઈલ વિગેરેના મુદ્દે મહાસત્તાઓની સાંઠમારીઓ અનેકવિધ શારીરિક, માનસિક વિકલાંગતાઓને જન્મ આપશે. અને તેની સામે લડવાની આર્થિક સ્થિતિ ક્ષીણ કરી દેશે. સરકારી સહાય અને દાતાઓની મદદથી વિકલાંગોની સંસ્થાઓ અને વિકલાંગો દ્વારા આર્થિક ઉપાર્જન માટે અપૂરતા સાધનોથી કામ ચાલતું હતું, ત્યાં જ યુધ્ધ પછીની મંદી અને વધારાનું કામ બંને સમસ્યા આવી. માનવ મસ્તિષ્કમાંથી જ હિંસાને નિર્મુલ કરવાના લક્ષ પર ન્યૂરોલોજીના તજજ્ઞો કાર્યરત છે. પણ ત્યાં સુધી શું ? પૃથ્વી પર સૌથી ઘાતક સ્પીસીસ 'હોમો સેપિયન્સ' જળ, સ્થળ, નામના જીવોનો કયારે વિનાશ નોતરી શકે, એ કહેવાય તેમ નથી. શુતુર્મૃગવૃત્તિથી બહાર નીકળી વિવિધ ક્ષેત્રોના નિષ્ણાંતોને હાકલ છે કે આ સમસ્યાઓનો ઉકેલ માટે પ્રયત્નશીલ થાય.

**✍ કિરીટ રાઠોડ**

**A thought for today**

Education is what remains after one has forgotten what one has learned in school

**— Albert Einstein**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2022-24, Monthly
- **અંક નં. : ૧૧૨ / ૪૭૮**
  **૧૫ એપ્રિલ - ૨૦૨૨**
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  **E-mail :** info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us :** www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ, ગાંધીનગર.**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **નેહલ ત્રિવેદી**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**



- **જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# CONTENTS AT A GLANCE



✍ K. D. PADIA

### ◈ KLID in Flying Colours at all Fronts

The K. L. Institute for the Deaf (KLID) at its all fronts – education, aids and appliances from its workshop, augmenting force of Special Teachers and mainstreaming of the handicapped has remained very active. Its secondary and higher secondary schools' organizing Science Fair and felicitation of child scientists and celebrations of Festivals and National Days explaining their significance to their wards. A free camp for artificial limbs organized with sponsorship of Alang Auto & General Engineering Co. Ltd. had 20 beneficiaries. KLID – run Teachers' Training extended its services to Jabalpur and Gorakhpur. Workshop steered by KLID for manufacturing 360 artificial limbs has earned gratitude from all walks of life.

### ◈ C. P. School & its Resource Centers

Mega Assessment Camp organized by Nataraj Cerebral Palsy School during Feb., 2022 had benefitted 140 children. Educative Webinars and distribution of education kits to its wards besides supplying aids and appliances to 35 children have been chief activities. Resource Centers at taluka HQs have proved a blessing to children with special need of rural area. Counseling in the meeting of parents and / or guardians has been a continuous activity both at C.P. School and Resource Centers.

### ◈ PNR HighTech Inclusive School's Dynamism

The school is now fully functional with alround activities. Besides imparting education from playgroup to Std. XII, it has remained ahead in extra curricular activities like celebration of national days and festivals in a characteristic way. That its wards are shining in local and state level competitions explains the active involvement its team of teachers. Its organising colourful Fare Well function in honour of Std. X$^{th}$ & Std. XII$^{th}$ students has been a hallmark.

### ◈ 'Ankur' on Fast-Track

'Ankur' Special School for Mentally Retarded Children had organized reception of past students of its Teachers' Training College. Exchange of pleasantries dominated on the occasion. A total number of 18 trainees were admitted for the year 2022-24 batch. Educational visits and Guest-lectures, prime activities, the Feb. 2022 witnessed.

### ◈ Other Activities

Activities of AT&T Technology Park, PNR Special Hospital, important news for handicapped, success stories and other relevant information have been highlighted in this issue.

## નેસ્યોના રાષ્ટ્રિય સ્તરના બેસ્ટ ટીચર એવોર્ડથી કવિતાબેન શાહ સન્માનિત

નેશનલ સોસાયટી ફોર ઈકવલ ઓપોર્ચુનિટી ફોર ધ હેન્ડિકેપ, ઈન્ડિયા એટલે કે **'નેસ્યો'** દ્વારા વિકલાંગો માટે દેશભરમાં કામ કરતી વ્યક્તિઓની પસંદગી કરી સન્માનિત કરવામાં આવે છે. આ વર્ષે આ સન્માન સમારોહ મુંબઈ ખાતે યોજાઈ ગયો. આ સમારંભમાં ભાવનગરની ખી.લ. બહેરાં-મૂંગા શાળાના શિક્ષિકા **શ્રી કવિતાબેન શાહ**ને તેની ઉત્તમ સેવા બદલ **શ્રેષ્ઠ શિક્ષક**ના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતાં. છેલ્લા ૨૦ વર્ષથી વિશેષ શિક્ષક તરીકે બહેરાં-મૂંગા શાળામાં કાર્યરત અને આ ક્ષેત્રમાં વિવિધ તાલીમ, સંશોધન પત્ર અને અભ્યાસ વર્ગો દ્વારા રાષ્ટ્રિય સ્તરે પ્રદાન કરનાર તથા હાલ આ જ વિષય સાથે પીએચ.ડી. કરી રહેલા શ્રી કવિતાબેન શાહને વર્ષ ૨૦૨૧ માટે **સ્વ. શ્રીમતી નંદિની પી. દિવેટિયા બેસ્ટ ટીચર એવોર્ડ**થી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે પી.એન.આર. સોસાયટીના ચેરમેન શ્રી નરેન્દ્રભાઈ શાહ ઉપરાંત ટ્રસ્ટીઓ, શ્રી પ્રકાશભાઈ દેસાઈ, ભાવનગરથી શ્રી બાબાભાઈ શાહ, પારસભાઈ શાહ અને પરિવાર સહિતનાએ ખાસ હાજરી આપી હતી. ઉલ્લેખનિય છે કે રાષ્ટ્રિય સ્તરનો આ એવોર્ડ મળતા મુંબઈ ખાતે પી.એન.આર. સોસાયટી દ્વારા પણ તેણીનું સન્માન કરાયું.



# પી.આર. વાધર વર્કશોપમાં પગની આંગળીઓથી શરૂ કરી માથા સુધીના અવયવો માટે બને છે ૩૬૦ કૃત્રિમ સાધનો...

**કેટલાક વર્ષ પહેલાનો એ દિવસ મને આજે પણ યાદ છે, જ્યારે પોટકું ઉપાડયું હોય એમ દીકરી ગાયત્રીને ઉપાડીને તેના ગરીબ મા-બાપ પી.આર.વી. વર્કશોપમાં આવ્યાં હતાં. સાથે ગાયત્રીનું નાનું બાળક. દારુડિયા પતિની હંમેશાની મારઝૂડ અને ગાળોથી ત્રાસેલી-થાકેલી ગાયત્રીએ એક રાત્રે મરવા માટે ટ્રેઈનના પાટા ઉપર પડતું મુકયું, પરંતુ ગરીબનું નસીબ ગરીબ. મૃત્યુ તો ન મળ્યું પણ બે પગ કપાયા. અમે પી.આર.વી. માં તેને બંને પગે ફૂલ લેંથ પ્રભા ફૂટ બેસાડી પગભર કરી.**

**- બાબાભાઈ**

ભાવનગરની પી.એન.આર. સોસાયટી અને બહેરાં-મૂંગા શાળા સંચાલિત **પ્રભાકુંવર રતિલાલ વાધર વર્કશોપ**માં પ્રભા ફૂટ, કેલિપર્સ, ક્રચિઝ જેવા સાધનો તો બને જ છે અને તેની ઉપયોગીતા અને લોકપ્રિયતા સમગ્ર દેશમાં છે. આ સંસ્થા દ્વારા દેશના ખૂણે-ખૂણે જરૂરિયાતમંદોને પ્રભા ફૂટ, ની-બ્રેસ પહેરાવવામાં આવ્યા છે. જો કે આ સંસ્થાઓનું કામ આટલેથી અટકેલું નથી. પી.આર. વાધર વર્કશોપમાં આર્ટિફિશ્યલ લેગ, હેન્ડ સહિતના અનેક સાધનો તૈયાર થાય છે અને આ સાધનો દ્વારા કપાયેલા પગવાળાઓને પગ મળે છે તો હાથ કપાયેલાને ફરી હાથ મળે છે. એટલું જ નહીં પગની આંગળીઓ થી શરૂ કરી માથા સુધીના અવયવો માટે આવા ૩૬૦ કૃત્રિમ સાધનો આ વર્કશોપમાં બને છે. ખાનગી ધંધાદારી કંપની કે પેઢી નહીં પરંતુ કોઈ ટ્રસ્ટ દ્વારા આટલા સાધનો બનતા હોય તો તે આ એકમાત્ર પી.એન.આર. સોસાયટી અને બહેરાં-મૂંગા સંસ્થા સંચાલિત પી.આર. વાધર વર્કશોપ છે અને તે ભાવનગર માટે ગૌરવરૂપ બાબત છે. અહીં પગની આંગળીઓ કપાઈ ગઈ હોય તો તે માટેના સાધનથી શરૂ કરી, અડધો પગ, આખો પગ, હાથની આંગળીઓથી માંડી છેક ખભા સુધીનો આખો હાથ, કરોડરજ્જુ માટે સહાયરૂપ વિવિધ સાધનો, ગળા માટેના સપોર્ટ સાધનો સહિત શરીરના લગભગ તમામ અંગો માટે સાધનો આ વર્કશોપમાં બને છે, ૩૬૦ પ્રકારના સાધનો અહીં બને છે અને જરૂરિયાતમંદ વ્યક્તિ તેનો લાભ લેતા હોય છે. આ વર્કશોપનો ઈતિહાસ પણ રોચક છે. હાલ જે વર્કશોપમાં ડૉ. વિપુલ જેઠવા અને ટીમ દ્વારા આ સાધનો બનાવવાનું કામ સતત ચાલી રહ્યું છે તે આધુનિક સુવિધા અને સાધનોથી સજ્જ છે. પરંતુ એક સમયે અંધ ઉદ્યોગ શાળાના સંકુલના એક ખુણામાં કૃત્રિમ ફૂટ તૈયાર થતાં. લોકોની સતત માંગ રહેતી અને જયપુર ફૂટ ભાવનગરમાં કેમ ન બનાવી શકાય? આ વિચાર ટ્રસ્ટી બાબાભાઈને આવ્યો. લોકોને મદદરૂપ થવાના ટ્રસ્ટીઓની જહેમત અને ખેવનાથી આખરે જયપુર ફૂટની ટેકનોલોજી ભાવનગરમાં આવી, સાથે કારીગર માનસિંગ પણ જયપુરથી ભાવનગર આવી અને પી. એન. આર. સાથે જોડાયો. સંસ્થાના કાર્યકર રવજીભાઈની સાથે મળી, અંધશાળાના ગ્રાઉન્ડમાં સિમેન્ટ શીટના પતરામાંથી નાનકડું વર્કશોપ ઊભું કર્યું અને અહીં જયપુર ફૂટ ભાવનગરમાં પણ બનવા લાગ્યા. કૃત્રિમ પગ હવે ભાવનગરમાં પણ મળે છે, તેની ખબર પડતા જ લાઈનો લાગવા લાગી. આખરે સમય જતાં આ વર્કશોપ જ બહેરાં-મૂંગાના કેમ્પસમાં આધુનિક **પ્રભાકુંવર રતિલાલ વાધર વર્કશોપ** બની ઉભું થયું. તે સમયે ૧૯૮૯-૯૦માં કેલિપર બનાવવાની સ્વદેશી ટેકનોલોજી પણ વિકસાવી. પોલિયોના પચાસ હજારથી વધુ ઓપરેશનનો વર્લ્ડ રેકોર્ડ આ સંસ્થાના નામે છે, તો ૧.૩૦ લાખ કેલિપરનું વિતરણ પણ આ સિધ્ધિથી ઓછું ન જ ગણી શકાય. આ વર્કશોપમાં જયપુર ફૂટમાંથી ભાવનગરના જ 'પ્રભાફૂટ' નું અવતરણ ઓર્થોસિસ્ટ એન્જીનિયર શ્રી વિજય નાયકના કારણે થયું તેમ કહી શકાય. તેણે ઓછા વજનના, ઘુંટણમાંથી વળી શકે અને ઓટોમેટિક લોકિંગ સિસ્ટમવાળા કૃત્રિમ પગ બનાવ્યા અને તેની પેટ્રન રજીસ્ટર કરાવી અને દાતા તથા હાલ સંસ્થાના પ્રમુખ શ્રી શશીભાઈ વાધરના માતુશ્રીના નામ પરથી આ ફૂટનું નામકરણ થયું 'પ્રભાફૂટ' વિશેષતાને કારણે આ ફૂટ દેશભરમાં લોકપ્રિય થઈ પડયો અને અત્યાર સુધીમાં ૧૩ હજારથી વધુ લોકો આ કૃત્રિમ પગ અને કૃત્રિમ હાથ દ્વારા ગુમાવેલા, 'નવા હાથ-પગ' પામ્યા છે. આ ભાવનગર અને આ સંસ્થાની સિધ્ધિ છે. આ પી.એન.આર. સોસાયટી અને બહેરાં-મૂંગા શાળા

**સમયાંતરે વિનામૂલ્યે કૃત્રિમ સાધન આપવાના કેમ્પ પણ યોજાતા રહે છે અને તેનો લાભ ભાવનગર, ગુજરાત જ નહીં સમગ્ર દેશના લોકો લેતા હોય છે**



**'અત્યાર સુધીમાં 3 લાખથી વધારે કૃત્રિમ અંગોનું વિતરણ'**

**૨૦ વ્યક્તિનાં કૃત્રિમ હાથ-પગના ૧ કેમ્પ માટે રૂા. ૧ લાખનું દાન આપો**

દ્વારા સમયાંતરે વિનામૂલ્યે કૃત્રિમ સાધન આપવાના કેમ્પ પણ યોજાતા રહે છે અને તેનો લાભ ભાવનગર, ગુજરાત જ નહીં સમગ્ર દેશના લોકો લેતા હોય છે. આ માટે ડૉ. વિપુલ જેઠવા, શ્રી ખી.લ. બહેરાં-મૂંગા સંસ્થાના શ્રી અશ્વિનભાઈ પંડયા સહિતના કાર્યકરો જહેમત ઉઠાવતા હોય છે અને દાતાઓનો સહયોગ પણ સતત મળતો રહે છે.' તેમ શ્રી કિરીટભાઈ રાઠોડે માહિતી આપેલ. આમ સિમેન્ટ શીટના પતરામાંથી બનેલું તે નાનું વર્કશોપ, આજે આધુનિક પ્રભાકુંવર રતિલાલ વાધર વર્કશોપ બની હજારોને, હાથ પગ, ઘુંટણનો ટેકો બનીને મદદરૂપ થતું હોય છે. દિવ્યાંગો માટે સતત કાર્યરત એવી આ સંસ્થા માત્ર ભાવનગર કે ગુજરાત પૂરતી જ સિમીત નથી રહી અને તેનું ઉદાહરણ 'પ્રભાફૂટ' અને 'પોલિસેન્ટ્રિક ની-બ્રેસ' અને 'માયકા ઈલેકટ્રોનિક હેન્ડ' સહિતના સાધનો છે. સંસ્થાના ટ્રસ્ટી શ્રી બાબાભાઈ નમ્રપણે કહે છે કે, ''આનો યશ આ વર્કશોપ ઉભું કરવામાં મદદરૂપ થનાર દાતા શ્રી શશીભાઈ વાધર, સંસ્થાના ટ્રસ્ટીઓ, શ્રી વિજય નાયક તથા સંસ્થાના કાર્યકરોની સમગ્ર ટીમને છે. સંસ્થાનો પ્રયાસ સમાજ માટે જે પણ થઈ શકે તે કરી છૂટવાનો છે.''

## અલંગ ઓટો એન્ડ જનરલ એન્જિનીયરીંગ કંપની પ્રાઈવેટ લિમિટેડ ભાવનગરના સૌજન્યથી

# કૃત્રિમ હાથ-પગનો નિઃશૂલ્ક કેમ્પ યોજાયો

શ્રીમતી પી.આર.વાધર વર્કશોપ, ૫૧, વિદ્યાનગર, ભાવનગર દ્વારા અલંગ ઓટો એન્ડ જનરલ એન્જિનીયરીંગ કંપની પ્રા. લિ. તરફથી કુલ ૧૯ દિવ્યાંગ વ્યક્તિઓને પસંદ કરીને, કુલ ૨૦ કૃત્રિમ સાધનો પૂરા પાડવામાં આવેલ હતાં, જેમાં અડધો હાથ-૧, આખા પગ-૨, અડધા પગ-૩, કેલિપર-૧૧, એ.કે.બી.કે. સ્પ્લીન્ટ-૨ અને ટ્રાયસિકલ-૧ એમ કુલ ૨૦ સાધનો દાતાશ્રી તરફથી નિઃશૂલ્ક પૂરા પાડવામાં આવેલ. દીપ પ્રાગટય મહેમાન શ્રી રાનીબહેન ચૌધરી અને સંસ્થાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાએ કરેલ. કેમ્પના સાધનો જરૂરિયાતમંદ દિવ્યાંગોને પૂરા પાડવામાં આવેલ હતાં. જેના લાભાર્થી શ્રી મનસુખભાઈ એલ. ગજેરા જે મહુવા તાલુકાના કીકારિયા ગામના વતની છે, જેમને ઈલેક્ટ્રિક શોક લાગતા જમણો અડધો હાથ કપાયેલો હતો. તેઓને આ કેમ્પમાં કૃત્રિમ જમણો હાથ ફીટ કરી આપવાથી હવે તેઓ બાઈક ચલાવી શકે છે અને ખેતી પણ કરી શકે છે. બીજા લાભાર્થી શ્રી મનજીભાઈ વી. પરમાર જે ભાવનગરના કાળિયાબીડ વિસ્તારના વતની છે જેમને ટ્રક અને રીક્ષાનો અકસ્માત થવાથી જમણો આખો પગ કપાયેલો હતો. જેનાથી તેમને ચાલવામાં અને કામ કરવામાં તકલીફ પડતી હતી. તેઓને કૃત્રિમ આખો પગ ફીટ કરીને ચાલતા કર્યાં છે.આનાથી તેઓ પલાઠી વાળીને બેસી શકે છે અને બાઈક પણ ચલાવી શકે છે. આ ઉપરાંત શ્રી ગીતાબેન કિશોરભાઈ ચૌહાણ જે ભાવનગર જિલ્લાના માઢીયા ગામના વતની છે. જેમને ૫ થી ૬ વર્ષની ઉંમરે પોલિયો થયેલ હતો, જેથી તેમને ચાલવામાં અને કામ કરવામાં તકલીફ પડતી હતી. તેઓને કેલિપર્સ આપીને ચાલતા કર્યા છે. જેથી તેઓ એક ગૃહિણી તરીકે સારી રીતે કામ કરી શકે છે અને સ્વતંત્ર રીતે બેસી શકે છે. ઘરના બધા કામ કરી શકે છે.

# બહેરાં-મૂંગા શાળાના બધિર ભૂલકાઓને શ્રવણયંત્ર વિતરણ

શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા પ્રાથમિક શાળાના ઉપક્રમે આજરોજ તા. ૧૬ ફેબ્રુ.'૨૨ ના રોજ શાળાના મહાવીર ઓડિટોરીયમ ખાતે સ્વ. શ્રી હસુમતીબેન શાહ હિયરીંગ એઈડ કોર્પસ ફંડ દ્વારા શાળામાં નવા પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓને હિયરીંગ એઈડ વિતરણ કાર્યક્રમ યોજાયેલ. આ કાર્યક્રમમાં શાળાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, ભૂતપૂર્વ આચાર્ય શ્રી ચેતનાબેન કોઠારી, ઈનર વ્હીલ કલબ ઓફ ભાવનગરના શ્રી એકતાબેન શાહ તથા તેમના સહકાર્યકર્તાશ્રીઓ ઉપસ્થિત રહેલ. કુલ ૧૭ બાળકોને આ કાર્યક્રમ અંતર્ગત બી.ટી.ઈ. મશીનનું વિતરણ કરવામાં આવેલ. પ્રાસંગિક ઉદ્દબોધન શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી બિન્દીબેન ત્રિવેદી તથા શ્રી ચેતનાબેન કોઠારીએ કરેલ. સંકલન શ્રી વૈશાલીબેન શુકલએ કરેલ.



## શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા પ્રાથમિક શાળામાં થયેલ

# આંતરરાષ્ટ્રિય મહિલા દિવસની ઉજવણી



તા. ૮ માર્ચ `૨૨ ના રોજ શાળાના મહાવીર ઓડિટોરીયમમાં પ્રાર્થના સમય દરમિયાન શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકગણ તથા આચાર્ય શ્રી ઈલાબહેન તેમજ આમંત્રિત મહેમાનોની હાજરીમાં **આંતરરાષ્ટ્રિય મહિલા દિવસ**ની ઉજવણી કરવામાં આવી.

આ વિશેષ દિને શાળાની ભુતપૂર્વ વિદ્યાર્થીની **ભાગ્યશ્રી ગોહિલ** કે જે અત્યારે મહેંદી મૂકવાની કળામાં નિષ્ણાંત છે અને આ કૌશલ્ય દ્વારા સારું આર્થિક ઉપાર્જન કરે છે, તેનું વિશેષ અભિવાદન કરવામાં આવેલ.

તે જ રીતે શ્રી શ્રીમબહેન તથા શ્રી અનુપાબહેન ઉચ્ચ અભ્યાસ કર્યા બાદ, સંસ્થામાં જ શિક્ષક તરીકે કાર્યરત છે આ ત્રણેય મહિલાએ પોતાની શ્રવણમંદતાને બાધક ન બનાવતાં પોતાના જીવનમાં સાધેલા વિકાસની વાતો વિદ્યાર્થીઓ સાથે વહેંચી જે પ્રેરણાદાયક હતી. શ્રીમબહેન તથા અનુપમાબહેનનું પણ આ પ્રસંગે અભિવાદન કરવામાં આવેલ. આ કાર્યક્રમનું સંકલન શ્રી કવિતાબહેન શાહે કરેલ. આભારવિધિ શ્રી ચંદ્રિકાબહેન પરમારે કરેલ. શ્રી ઈલાબહેન મજમુદારે આ વિશેષ દિને સૌને શુભેચ્છા પાઠવેલ.

## આયુષીની સફર...



આયુષીના નિદાનમાં શ્રવણક્ષતિ જણાતા,માતા-પિતાએ આયુષીના વિકાસ માટે બગસરા છોડી ભાવનગર સ્થાયી થવાનું નક્કી કર્યું. આયુષી શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળામાં નર્સરીમાં દાખલ થઈ માતા અને શિક્ષકની અથાગ મહેનત આયુષીના વિકાસમાં રંગ લાવી. તે નાના-નાના શબ્દોનું ઉચ્ચારણ સમજ સાથે કરવા લાગી.

ત્યારબાદ તેને નોર્મલ શાળામાં ઈન્ટીગ્રેડ કરી. સાથો-સાથ તેનું કોકલિયર ઈમ્પ્લાન્ટ કરાવ્યું, જે બહારના અવાજો સાંભળવા અને સમજવામાં મદદરૂપ થયું.


હાલ આયુષી તાલ અને સૂરના સથવારે ગીત ગાય છે અને ડાન્સ પણ કરે છે. આમ માતા-પિતાની મહેનત અને યોગ્ય સમયે માર્ગદર્શન મળવાથી આયુષી ચોક્કસ તેની મંજીલ સુધી પહોંચશે જ.



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)



ફાલ્ગુની ખાટસુરિયા



શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા પ્રાથમિક શાળાના ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓના સારા સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત્તિ કેળવાય તે હેતુથી "દિલ્હી નવયોગા"ની ટીમ દ્વારા શાળાના મેદાનમાં સંસ્કૃત શ્લોકોના ઉચ્ચારણ સાથે સૂર્ય નમસ્કાર કરાવવામાં આવ્યા. તા. ૧૯ ફેબ્રુ. `૨૨ ના રોજ યોજાયેલ આ કાર્યક્રમના આયોજક શ્રી ચેતનાબહેન બગડીયા (યોગા ટિચર) શ્રી રાજેશ્રીબહેન જાદવ (યોગ ટ્રેનર) હતા.

# ધો.૧૦ અને ધો.૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ

તા. ૧૪/૩ ના રોજ પી.એન.આર. સોસાયટી સંચાલિત હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલમાં ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ), હાઈટેક સ્કૂલના ચેરમેન શ્રી ડી. જે. ધંધુકિયા, સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા તેમજ સી.પી. સ્કૂલના આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકી ઉપસ્થિત રહ્યા હતાં. ધંધુકિયા સાહેબે વિદ્યાર્થીઓ બોર્ડમાં જવલંત સિધ્ધિ પ્રાપ્ત કરે અને અભ્યાસમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવેલ. શ્રી બાબાભાઈએ વિદ્યાર્થીઓ બોર્ડમાં ઉત્તમ પરિણામ લાવે તેવા આશીર્વચન પાઠવેલ. આ પ્રસંગે, વર્ષ દરમિયાન થયેલ વિવિધ પ્રવૃત્તિઓમાં નંબર મેળવનાર બાળકોને ઈનામ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ. ધો. ૧ થી ૭ ના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના ગીત, રાજસ્થાની નૃત્ય, ડિસ્કો ડાન્સ રજૂ કરવામાં આવેલ. કાર્યક્રમનું એન્કરિંગ દક્ષાબેન પંડયા દ્વારા કરાયેલ તથા આભારવિધિ હાર્દિકભાઈ પારેખે કરેલ, તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવેલ.



# મહુવા રિસોર્સ સેન્ટર

મહુવા રિસોર્સ સેન્ટર ખાતે તા. ૭/૨ ના રોજ અમદાવાદવાળા પ્રવિણાબેન બુચ તરફથી તેમની દિકરી કેતકીબેન દેસાઈના સ્મરણાર્થે મહુવા રિસોર્સ સેન્ટર પર દિવ્યાંગ બાળકોને સૌફટ ટોયઝ (પીલો) નું વિતરણ કરવામાં આવ્યું હતું.




# મંદબુધ્ધિના બાળકની પ્રાર્થના

" આ ઘરથી દૂર એક એવું ઘર મળે,
મારી ઈચ્છાનો નાનો મને ઈશ્વર મળે.
ઝાલી આંગળી વચ્ચે છોડતા સમૂહ ન હો,
સંગાથ એક જ પર્યાયનો જીવનભર મળે.
સમજણનાં બારણે ટકોરા દઈ થાકયો છું,
ખુલે ન દ્વાર તો બારીએ મીઠી નજર મળે.
ઉપેક્ષાઓથી ભરેલી ગઠરી ખોલવી નથી,
અવગણે સામટી સૌને એવું જીગર મળે.
માગવાનો અધિકાર મને કયારે મળ્યો નથી,
જરૂરત રહે ન કોઈ જીવન બેફીકર મળે.
સંઘર્ષો આપણા સૌના એકસરખા નથી,
ચૈનથી જીવવા અનોખું એવું હુન્નર મળે.
આકાશ ભણી નજર માંડવી નથી,
હુંફાળી ધરતી મળે, ભીનું પધ્ધર મળે."

**- લીલાધર માણેક ગડા (અધા)**



# પી. એન. આર. હૉસ્પિટલ



✍ મહાસુખભાઈ જકડિયા

**ફેબ્રુઆરી-૨૨ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા | વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|---|---|---|
| ઓર્થોપેડિક | ૧૧૩ | ૦૭ | ઓર્થોડેન્ટલ | ૧૩૭ | ૧૮૨ (ટ્રિટમેન્ટ) |
| આંખ | ૯૨૪ | ૬૫૬ | જનરલ ઓપીડી | ૭૧૭ | - |
| આંખની છારી | ૨૫ | - | એક્ષ-રે | ૬૪ | - |
| ઈ.એન.ટી. | | | લેબોરેટરી | ૪૦૭ | ૧૪૮૬ (ટેસ્ટ) |
| (કાન-નાક-ગળા) | ૪૨૯ | ૧૧ | રૂબેલા | ૦૪ | - |
| માઈનર પ્રોસિઝર | ૨૦૩ | - | ચામડી | ૩૧ | ૦૧ |
| ઓર્થોસ્કોપી | ૩૩ | - | પેડિયાટ્રિક ડેન્ટલ | ૦૬ | ૦૮ |

◈ સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૩૫** લાભાર્થીઓએ **રૂા. ૬૩૧૦/-** ની સહાય મેળવેલ છે.

◈ મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૯** દર્દીઓએ **રૂા. ૧૫૭૦/-** ની સહાય મેળવેલ છે.

ૐ શ્રદ્ધાંજલિ

**સંસ્થા પરિવારે નીચેના શુભેચ્છકો, પ્રેરણા શ્રોતોના અવસાન નિમિત્તે શ્રધ્ધાંજલિ પાઠવી, દિવંગતના આત્મશ્રેયાર્થે પ્રાર્થના કરે છે.**



ભાવનગર શહેરના જાણીતા કલા પ્રોત્સાહક, એક્ટિવ કલાવૃંદના સ્થાપક **સ્વ. મહેન્દ્રભાઈ ભડિયાદ્રા** (ઉ. વર્ષ. ૭૬) એ વર્ષો સુધી આ સંસ્થાના પાયાના કાર્યકર નવજવાન સંઘના સ્વયંસેવક, શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળાની સાંસ્કૃત્તિક પ્રવૃત્તિના માર્ગદર્શક તરીકે જોડાઈને, દિવ્યાંગતાલક્ષી સેવાઓને ઉચ્ચ સ્તરે પહોંચાડવામાં નોંધ પાત્ર યોગદાન આપેલ.

## નિરાધાર-દિવ્યાંગની-જીવનલીલા-સકેલાઈ



**માસ્ટર વિનય**, ઉ. વર્ષ. ૧૫, આ મલ્ટિપલ ડિસેબલ્ડ અનાથ બાળકને ૨૦૧૨માં માત્ર ૫ વર્ષની ઉંમરે, સુરત શિશુગૃહમાંથી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર દ્વારા આપણને સોંપવામાં આવેલ. ત્યારથી અત્યાર સુધી લગભગ ૧૦ વર્ષ સુધી પી.એન.આર. સોસાયટી દ્વારા સી.પી. સ્કૂલમાં એડમિશન આપી તમામ પ્રકારની સાર સંભાળ, સુશ્રૂષા કરવામાં આવી. નટરાજ સી.પી. સ્કૂલમાં હોસ્ટેલમાં ગૃહપતિ શ્રી લાલજીભાઈ પંડયા નીચે દેખરેખમાં રહેલ આ વિનયને ચારેય પ્રકારની વિકલાંગતા સેરેબ્રલ પાલ્સી, મંદબુધ્ધિ, લો વિઝન અને બહેરાં-મૂંગાપણું હતું અને તે સતત પોતાનું મસ્તક ઘુણાવ્યા કરતો, સાથે જ તેને આંચકી પણ આવતી, અને તેને વ્હીલચેરમાં જ ફેરવવામાં આવતો. સવારે નિત્યક્રમ, દિવ્યાંગતાને લગતી તાલીમ, શિક્ષણ, વ્હીલચેર પર દિવસમાં અનેકવાર, હેરફેર કેરટેકર શ્રી શાંતિભાઈ દ્વારા કરાતું. વારંવાર હોસ્પિટલમાં એડમીટ-ડિસ્ચાર્જ, દવા આપવાનું કામ ભકિતભાવથી સ્ટાફ દ્વારા કરાતું. વિધિના વિધાન મુજબ આપણી સંસ્થાને સેવાનો મોકો આપી, વિનયે માંદગીમાંથી મુકિત મેળવી, અનંતની યાત્રાએ ગયો. સંસ્થામાં પ્રથમવાર દિવ્યાંગ વિદ્યાર્થીના દેહવિલયનો પ્રસંગ હૃદયદ્રાવક હતો. વિનયના સાથી મિત્રો જે સાથે તોફાન મસ્તી કરતાં, દિવ્યાંગતાની પીડા ભૂલી પ્રભુ તરફથી પ્રાપ્ત જીવનની ઉપહારને માણતાં, ઉજવતાં. સમધારણ બાળકોમાં પણ વિનયને જોઈ વિધાયક ઉર્જાનો સંચાર થતો. દિવંગત દિવ્યાંગ વિનયને મૃત્યુબાદ સર ટી. હોસ્પિટલમાંથી જરૂરી સરકારી વિધિઓ, દસ્તાવેજીકરણ કરી, નટરાજ કોલેજ હોસ્ટેલમાં લાવવામાં આવેલ અને ધર્મરથમાં સંસ્થાના વડિલો, કર્મચારીઓ, વિશિષ્ટ શિક્ષકો, દિવ્યાંગ બાળ મિત્રો દ્વારા ફૂલહાર અને ભજન કિર્તન સાથે સિન્ધુનગર, સ્મશાનભૂમિમાં અંતિમક્રિયા કરવામાં આવેલ.



# મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા



જીજ્ઞા સોલંકી

## એજ્યુકેશન કીટ વિતરણ :



તા. ૫ ફેબ્રુ.`૨૨ ના રોજ સી.પી. સ્કૂલ તથા અર્લી ઈન્ટરવેન્શનના કુલ ૫૦ લાભાર્થીઓને નીલકમલ (મુંબઈ)ના રિચીંગ ટુ અનરીચ્ડ પ્રોજેકટ અંતર્ગત **એજ્યુકેશન કીટ વિતરણ** કરવામાં આવેલ. તથા તળાજા, મહુવા, પાલિતાણા અને શિહોરના રિસોર્સ સેન્ટરમાં અતિ જરૂરિયાતવાળા કુલ ૩૫ બાળકોને કુલ ૭૦,૦૦૦/-ની વાહન સહાય આપવામાં આવેલ.

## ઓનલાઈન વેબિનાર :

તા. ૫ ફેબ્રુ.`૨૨ ના રોજ ઓટિઝમ સ્કૂલના વાલી પૃથાબેન દ્વારા, **કુદરતી ઉપચાર** પર એક ઓનલાઈન વેબિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં ડૉ. ગુપ્તા દ્વારા બાળકોને વ્યક્તિગત સ્પીચમાં કેવી રીતે સુધારાત્મક પગલા લઈ શકાય તેનું માર્ગદર્શન આપેલ.

## સ્ટાફ મીટિંગ :

તા. ૧૨ ફેબ્રુ.`૨૨ ના રોજ સી.પી. સ્કૂલ તથા તમામ પ્રોજેકટના સ્ટાફ મીટિંગનું આયોજન ઓફલાઈન તથા ઓનલાઈન માધ્યમથી આયોજન કરવામાં આવેલ.

## સેશન :

તા. ૧૯ ફેબ્રુ.`૨૨ ના રોજ ઓટિઝમ બાળકોના વાલીઓ માટે સેન્સરી ઈન્ટિગ્રેશન માટેની તાલીમ માટે સાધનો બતાવવા માટેનું સેશનનું આયોજન કરવામાં આવેલ. વાલીઓએ શિક્ષકોની સાથે મળીને બાળકોને ઉપયોગી એવા સાધનો બનાવવાની તૈયારી દર્શાવી હતી.


## વાલી મિટીંગ :

તા. ૨૧ ફેબ્રુ.`૨૨ ના રોજ ઓનલાઈન શિક્ષણ તથા મેગા કેમ્પના અનુસંધાને વાલી મિટીંગનું આયોજન કરેલ.

## મેગા એસેસમેન્ટ કેમ્પ :




તા. ૨૬-૨૭ ફેબ્રુ.`૨૨ ના રોજ **મેગા એસેસમેન્ટ કેમ્પ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં એજ્યુકેશનલ થેરાપિસ્ટ ડૉ. મૃત્યુંજય મુકુંદ, ડૉ. બ્રિજેશ મિશ્રા, ડૉ. કેલ્વિન પટેલ તથા ડૉ. દિપક ગંજીવાલા, સ્પે. એજ્યુકેશન શ્રી તુષારભાઈ જોગલેકર તથા શ્રી જયેશભાઈ ધંધુકિયા તથા સ્પીચ થેરાપિસ્ટ ડૉ. અનિલ સિંઘ તથા ડૉ. અંબર ગુપ્તા દ્વારા ટોટલ ૧૪૦ બાળકોનું એસેસમેન્ટ કરીને તેમને માર્ગદર્શન આપેલ. કાર્યક્રમનું કો-ઓર્ડિનેશન શ્રી જીજ્ઞાબેનના માર્ગદર્શન નીચે શ્રી વરૂણભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવેલ.






# 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ



✍ ધીરુભાઈ ધંધુકિયા

## માતૃભાષા દિવસ :



તા. ૨૧/૨ ના રોજ સ્કૂલમાં **માતૃભાષા દિવસ**ની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં વિદ્યાર્થીઓઓએ માતૃભાષા દિવસ મહત્વ વિશે માહિતી આપી હતી. આ ઉપરાંત બોર્ડ ડેકોરેશન તથા કાવ્યપંક્તિ પઠન અને લેખન કરાવવામાં આવ્યું હતું. આ સમગ્ર સંચાલન આચાર્યશ્રી હિતેનકુમાર પંડયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું, જેમાં દક્ષાબેન, શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓ જોડાયા હતાં.

## કરાટેમાં બ્લેક બેલ્ટની સિધ્ધિ મેળવતી ક્રિનલ :



સ્કૂલમાં તાજેતરમાં કરાટે અકેડમી ઓફ જાપાન ગોજુરિયુ ઈન્ટરનેશનલ દ્વારા કરાટે એક્ઝામનું આયોજન કરવામાં આવેલ. જેમાં હાઈટેક સ્કૂલમાં ધો. ૭ માં અભ્યાસ કરતી વાઘેલા ક્રિનલ અજયભાઈએ અતિ કઠિન કહેવાતી **બ્લેક બેલ્ટ**ની એકઝામ પાસ કરેલ. વિદ્યાર્થીનીને ઈન્ડિયાના ચીફ ઈન્સ્ટ્રક્ટર સેન્સેઈ પ્રદીપભાઈ પારેખ દ્વારા સર્ટિફીકેટ, તેમજ બેલ્ટ એનાયત કરીને સન્માનિત કરવામાં આવેલ, હાઈટેક સ્કૂલના ચેરમેન શ્રી ધંધુકિયા સાહેબે ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવી શુભેચ્છા પાઠવેલ.

## વિશ્વ મહિલા દિનની ઉજવણી :

સ્કૂલમાં તા. ૮/૩ ના રોજ **વિશ્વ મહિલા દિન**ની ઉજવણી કરવામાં આવેલ. જેમાં દક્ષાબેન પંડયા દ્વારા, 'મહિલાનું સમાજમાં વધતું જતું સ્થાન, સન્માન તથા મહિલાનું દરેક ક્ષેત્રમાં જોવા મળતું આગવું પ્રભુત્વ, તેમજ વર્તમાનમાં સ્ત્રીઓ દરેક ક્ષેત્રમાં ખૂબ જ પ્રગતિ કરતી જોવા મળે છે,' તેની વિગતવાર માહિતી આપી હતી. આ ઉપરાંત બીજા શિક્ષકોએ પણ 'મહિલા દિન' નિમિત્તે પોતાના મંતવ્ય રજૂ કર્યા હતાં. આ કાર્યક્રમમાં ધો. ૧ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓને સામેલ કરી, મહિલા દિનની ઉજવણી અને ગીતગાન પણ કરવામાં આવ્યું હતું.

## બાળવાર્તા કાર્યક્રમની ઉજવણી :



સ્કૂલમાં તા. ૯/૩ ના રોજ **બાળવાર્તા** કાર્યક્રમ યોજવામાં આવેલ, જેમાં ૩૩ વર્ષના અનુભવી વાર્તાકાર શ્રી દ્રુપદભાઈ પરીખ અને હંસાબેન પરીખ દ્વારા બાળકોને પપેટના આધારે સુંદર વાર્તા દ્વારા બાલમંદિરના અને ધો. ૧ થી ૮ ના બાળકોને મંત્ર મુગ્ધ કરી દીધેલ. આ પ્રસંગે શ્રી ડી. જે. ધંધુકિયા સાહેબે દ્રુપદભાઈ પરીખને સ્મૃતિચિન્હ ભેટ આપી અભિવાદન કરેલ.

## રસીકરણ કાર્યક્રમ ડોઝ-૨ :

સ્કૂલમાં તા. ૩/૨ ના કોરોના રસીકરણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫ થી ૧૮ વર્ષના વિદ્યાર્થીઓને ૨ ડોઝ આપવામાં આવ્યા હતાં. આમાં કુલ ૨૭ બાળકોએ ૨ ડોઝ લીધા હતાં. રસીકરણ વિદ્યાર્થીના વાલીઓની હાજરીમાં જ સરકારી હેલ્થ વિભાગના કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ. રસી લેનાર તમામ વિદ્યાર્થીઓનું રસીકરણ માટે રજીસ્ટ્રેશન પણ કરવામાં આવ્યું હતું.



# એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક એન્ડ ઈન્સ્ટિટ્યૂટ

✍ કૌશિક પરમાર



## માહિરાને વિકલાંગોના વિશિષ્ટ શિક્ષક બનવું છે પરંતુ....




માહિરા... નામ જ ગર્વની અનુભૂતી કરાવનારું છે. પરંતુ વિધીની વક્રતા જુઓ, ભાવનગર જિલ્લાના સિહોરમાં રહેતી ૨૧ વર્ષીય માહિરાને ૧૦ વર્ષની ઉંમરે આવેલા તાવને કારણે બંને પગ અને એક હાથમાં વિકલાંગતા આવી ગઈ. દોડ લગાવવાની નાની ઉંમરે જ ચાલવામાં મુશ્કેલીઓ આવવા લાગી. જે ઉંમરે સડસડાટ લખવાનું હોય તે ઉંમરે હાથમાં આવેલ વિકલાંગતાના કારણે લખવામાં સમસ્યા થઈ. આટલી અડચણોની વચ્ચે પણ મજબૂત મનોબળ થકી ધોરણ ૧૨ સુધી સિહોરમાં અભ્યાસ પૂર્ણ કર્યો. ઘરની કોઈ વ્યકિત શાળાએ લેવા મૂકવા જાય. ત્યારબાદ કોલેજમાં એડમિશન લીધું. હાલ માહીરા ટી.વાય.બી.એ. માં અભ્યાસ કરી રહી છે. પિતા છુટક મજુરીકામ કરે છે. પરિવારમાં કુલ ૬ સભ્યો છે. આવક ઓછી હોવાને કારણે પરિવાર સતત આર્થિક સંકડામણ અનુભવે. આટલી વિકટ પરિસ્થિતિમાં પણ માહિરાએ હિંમત દાખવી. અભ્યાસના ખર્ચને અને કોલેજ જવા-આવવાના વાહન ખર્ચને પહોંચી વળવા ઘરે નાના બાળકોના ટ્યુશન કરાવે છે અને અભ્યાસના ખર્ચનો ભાર પોતે જ ઉપાડી રહી છે. બી.એ.ના પહેલા સેમેસ્ટરમાં માહિરા કોલેજ ફર્સ્ટ આવી. પરંતુ 'ગરીબનું નસીબ ગરીબ', એ કહેવત અનુસાર અન્ય ખર્ચ પણ સતત થયા કરે. માહિરાને દર વર્ષે બૂટ બદલાવવા પડે છે. ઉપરાંત પિતાને પથરીના રોગમાં વારંવાર ઓપરેશન આવ્યા. અભ્યાસની સાથોસાથ ફેશન ડિઝાઈનીંગનો કોર્સ પણ કર્યો. માતા ઘરે નાનું-મોટું સિવણકામકરી ઘરખર્ચના બે છેડાને ભેગા કરવાનો પ્રયાસ કરે છે.

માહિરાનું પૂરું નામ અગવાન માહીરા ફિરોઝભાઈ છે. અભ્યાસની સાથો-સાથ કોમ્પ્યુટર પણ શીખવું જરૂરી હતું. પણ ઘર ખર્ચના બે છેડા માંડ માંડ ભેગા થતાં હોય ત્યાં મોંઘા કોર્સ તો કેવી રીતે થઈ શકે ? પરંતુ કુદરતના ન્યાયના સિધ્ધાંત મુજબ માહિરાને વિનામૂલ્યે કોમ્પ્યુટર કોર્સ કરવાની તક પી.એન.આર. સોસાયટીના એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક દ્વારા મળી. સંસ્થાના સિહોર સેન્ટર પર માહિરાએ બેઝિક કોર્સમાં એડમિશન મેળવ્યું અને કોરોના મહામારી દરમ્યાન વિકલાંગોને વિનામૂલ્યે ઓનલાઈન કોમ્પ્યુટર ટ્રેનિંગ પ્રોજેકટ અંતર્ગત માહિરા ઘેરબેઠા ડીટીપી કોર્સની તાલીમ મેળવી શકે તે માટે, તાલીમ મેળવે તેટલાં સમય માટે સંસ્થા દ્વારા તેને લેપટોપ, ઈન્ટરનેટ માટે રીચાર્જ કરેલ ડોંગલ, પુસ્તકો, સીડી, ઈયરફોન વિગેરે આપવામાં આવ્યાં. તા. ૧૩-૩-૨૨ ના ઓનલાઈન ટ્રેનિંગની ડીટીપી બેચની પરીક્ષા યોજાયેલ તે પરીક્ષા આપવા માહિરા આવેલ. પરીક્ષા પૂરી થયા બાદ તેના ચહેરા પર આનંદના ભાવ હતાં અને મને ઉમળકાભેર કહયું કે : ''મને વિઝીટિંગ કાર્ડની ડિઝાઈન બનાવતા અને ફોટોશોપમાં ફોટો એડીટિંગ આવડી ગયું છે.'' ત્યારબાદ જયારે તેને પૂછવામાં આવ્યું કે ''ભવિષ્યમાં કયા ક્ષેત્રમાં કેરિયર બનાવવી છે ?'' ત્યારે માહિરાએ કહયું : ''મારે શિક્ષક બનવું છે, અને તેમાંય વિકલાંગ બાળકોના શિક્ષક બનવું છે.'' આ જવાબ આપતાં સમયે માહીરાનો આત્મવિશ્વાસ જરા પણ ઓછો ન હતો, પણ તેના મનમાં ચિંતા હતી કે શિક્ષક બનવા માટે કેટલો ખર્ચ થશે ? કઈ કોલેજમાં થશે ? તેના બધા પ્રશ્નો બાબતે માર્ગદર્શન મળી જતાં તેના આત્મવિશ્વાસમાં વધુ ઉમેરો થયો, પણ બી.એડ. કરવાનો ખર્ચને કઈ રીતે પહોંચી વળશે ? તેની ચિંતા તેના ચહેરા પર સ્પષ્ટ દેખાતી હતી. જયારે તેની ચિંતા દૂર કરવા માટે જવાબ આપ્યો કે, 'સાચી દિશાના પ્રયત્નોમાં કુદરત સાથે રહે છે. પ્રયત્ન કરવાથી મુશ્કેલ સંજોગોમાં પણ કંઈને કંઈ રસ્તો જરુર નીકળે છે.'


સિહોર ખાતેનો સેમિનાર



# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ
## દિવ્યાંગો માટે આશા કિરણ...

અમિત મિત્રા



નેશનલ ટ્રસ્ટ, ન્યૂ દિલ્હીના સૌજન્યથી PNR સોસાયટી, કાળિયાબીડ, ભાવનગરમાં દિશા કમ વિકાસ પ્રોજેક્ટ ચાલે છે, જેમાં ખાસ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા જન્મથી ૧૮ વર્ષ સુધીના વિશિષ્ટ બાળકો જેમાં મગજનો લકવો (સી.પી.), મંદબુધ્ધિ, ઓટિઝમ અને બહુવિધ વિકલાંગતાની વહેલાસરની ઓળખ, નિદાન, સારવાર અને તાલીમનો સમાવેશ થાય છે.

### હેતુ :



આ પ્રોજેક્ટનો મુખ્ય આશય બાલ્યકાળમાં જન્મજાત કે બાળજન્મના શિશુકાળ દરમ્યાન આવેલી ઉપરોક્ત ચાર વિકલાંગતાવાળા બાળકોને વહેલાસરની ઓળખ કરી વહેલામાં વહેલા અદ્યતન સાધનોની મદદથી નિષ્ણાંતો દ્વારા સારવાર શરૂ કરી ભવિષ્યમાં આવનાર ગંભીર મુશ્કેલીઓથી બચાવવા વિશિષ્ટ શિક્ષણ, કસરત, સ્પીચ થેરાપી, રોજિંદી દૈનિક કાર્યોની તાલીમ, વાલી માર્ગદર્શન વગેરે આ પ્રોજેક્ટમાં મુખ્યત્વે સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટમાં ખાસ કરીને BPL કેટેગરીમાં આવતા અતિ જરૂરિયાતમંદ દિવ્યાંગ બાળકોને જ પ્રાધાન્ય આપવામાં આવે છે. કારણ કે આ સમુદાયમાંથી આવતા બાળકોના વાલીઓની સામાજિક, આર્થિક સ્થિતિ અત્યંત નબળી હોય, લાંબો સમય ચાલનારી સારવારનો આર્થિક બોજો ઉઠાવી શકે એમ નથી હોતા. આ પ્રકારના ૪૦ બાળકોની સારવાર માટે નેશનલ ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થી દીઠ રૂા. ૪૨૦૦ રજીસ્ટર્ડ સંસ્થાને જ સહાય મળે છે. PNR સોસાયટી ઈ.સ. ૨૦૧૬ થી આ પ્રોજેક્ટ ચલાવે છે.

### સ્ટાફ પેટર્ન :

કો-ઓર્ડિનેટર-૧, ફિઝીયોથેરાપીસ્ટ-૨ (૨૦:૧), સ્પેશ્યલ એજ્યુકેટર-૨ (૨૦:૧), કેરગિવર્સ-૨ (૨૦:૧) કાઉન્સલર-૧, વિઝીટિંગ સ્પીચ થેરાપીસ્ટ

### મુખ્ય પ્રવૃત્તિઓ :



સંસ્થામાં આ પ્રોજેક્ટ અંતર્ગત હાલ ૪૦ વિશિષ્ટ બાળકોને એસેસમેન્ટ કરીને વિકલાંગતાની ઓળખ કરવામાં આવે છે. ઉપરોક્ત નિષ્ણાંત દ્વારા કરાયેલ પ્રાથમિક તપાસ અને બાળરોગ નિષ્ણાંતની રેફરન્સ ફાઈલના આધારે કેસ સ્ટડી તૈયાર કરાય છે. બાળકોની અક્ષમતા ચકાસીને ત્રિ-માસિક ધ્યેય નક્કી કરી નિયમિત રીતે સારવારનું આયોજન કરવામાં આવે છે.

### દિશા કમ વિકાસ પ્રોજેક્ટ અંતર્ગત અપાતી વિવિધ સારવાર :

**ફિઝિયો-ઓક્યુપેશનલ થેરાપી** જેમાં બાળકના હલન-ચલન કૌશલ્યોનો વિકાસ થાય છે. સેરેબ્રલ પાલ્સી તથા મલ્ટીપલ ડિસેબલ બાળકોને સ્વતંત્ર રીતે ચાલવા માટે ગેઈટ ટ્રેનિંગ મશીન તથા સ્નાયુઓમાં (અક્કડતા) સ્પાસ્ટીસીટી ઘટાડવા માટે જર્મન ટેકનોલોજીના મશીનની મદદથી મેટ્રિક્સ થેરાપી આપવામાં આવે છે. સંસ્થામાં આ પ્રોજેક્ટ અંતર્ગત હાલ ૪૦ વિશિષ્ટ બાળકોને એસેસમેન્ટ કરીને વિકલાંગતાની ઓળખ કરવામાં આવે છે. ઉપરોક્ત નિષ્ણાંત દ્વારા કરાયેલ પ્રાથમિક તપાસ અને બાળરોગ નિષ્ણાંતની



રેફરન્સ ફાઈલના આધારે કેસ સ્ટડી તૈયાર કરાય છે. બાળકોની અક્ષમતા ચકાસીને ત્રિ-માસિક ધ્યેય નક્કી કરી નિયમિત રીતે સારવારનું આયોજન કરવામાં આવે છે.

## સ્પેશ્યલ એજ્યુકેશન :



**જન્મથી ૩ વર્ષ** : વિશિષ્ટ બાળકને સ્વતંત્ર રીતે બેસતા, પોતાની અંગત જરૂરિયાતો જાણતા-સમજતા અને મૌખિક અથવા શરીરના અંગોના હાવભાવથી વ્યકત કરવા શીખવાય છે. મોન્ટેસરી પધ્ધતિ અનુસાર દ્રશ્ય, શ્રાવ્ય, સ્પર્શ, બેલેન્સ વગેરેનું ઈન્દ્રિય સમન્વય શિક્ષણ આપવામાં આવે છે.

**૩ થી ૬ વર્ષ** : આ ગ્રુપમાં બાળકો જેઓ કસરત, સ્પીચ થેરાપી તથા દૈનિક જીવનની કૌશલ્ય તાલીમથી મહદઅંશે સ્વતંત્રતા પ્રાપ્ત કરેલ હોય તેને બાલમંદિરનું પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે. ઈન્કલ્યુઝિવ એજ્યુકેશનનું પ્રથમ સોપાન આંગણવાડી શિક્ષણથી/ બાલમંદિરથી શરૂ થાય છે. અત્યાર સુધીમાં ૧૦ જેટલા સી.પી. મંદબુધ્ધિ, ઓટિઝમ બાળકોને આ પ્રોજેકટ અંતર્ગત ભાવનગરની આંગણવાડી તથા બાલમંદિરમાં અભ્યાસ અર્થે મોકલ્યા હતા જેઓ સફળ રહયાં છે.

**૬ થી ૧૮ વર્ષ** : પ્રાથમિક શિક્ષણની સાથે વિવિધ પૂર્વ વ્યાવસાયિક કૌશલ્યોનો વિકાસ કરવામાં આવે છે. તેમજ સંસ્થામાંથી આ પ્રોજેકટ અંતર્ગત તાલીમ લઈ ચૂકેલા વિદ્યાર્થીઓ હાલ સમાજમાં વિવિધ વ્યવસાયમાં જોડાઈને આર્થિક ઉપાર્જન કરી રહયાં છે. આ પ્રોજેકટ અંતર્ગત તાલીમ મેળવીને સામાન્ય શાળામાં સંમિલિત શિક્ષણ અંતર્ગત જોડાયેલ વિદ્યાર્થીની સંખ્યા ૧૦થી વધુ છે.

## સ્પીચ થેરાપી :

સંસ્થામાં ફૂલટાઈમ સ્પીચ થેરાપિસ્ટ ઉપલબ્ધ હોય દરેક બાળકોની વાણી, ભાષા અને વાતચીતનું સંકલન કરી જરૂર મુજબની સારવાર આપવામાં આવે છે.

## સહઅભ્યાસક પ્રવૃત્તિઓ :

રમત-ગમત, કલા, નૃત્ય, અભિનય વગેરેમાં દિવ્યાંગ બાળકોની અભિરૂચિ મુજબ નિષ્ણાંતો દ્વારા તાલીમ આપી સ્થાનિક તથા રાજય કક્ષાએ સફળતા પ્રાપ્ત કરે તેવા પ્રયાસો કરવામાં આવે છે.

## A.D.L. ટ્રેનિંગ :




દિવ્યાંગ બાળકો શારીરિક માનસિક દિવ્યાંગતાના કારણે પોતાની દૈનિક કાર્યો જેવા કે, સ્વતંત્ર રીતે જમવું, તૈયાર થવું, હાજતે જવું વગેરેમાં મોટી ઉંમર સુધી પરિવારના સભ્યો પર પરાવલંબિત રહેતા જોવા મળે છે. જેથી આ પ્રોજેકટ અંતર્ગત જોડાયેલ બાળકોને નિયમિત સારવાર અને તાલીમ આપીને સ્વનિર્ભર બનાવવા પ્રયાસ થાય છે.

## વિશિષ્ટ પ્રવૃત્તિ :

**નિરામયા હેલ્થ પોલિસી :** આ મેડિકલ પોલિસી હેઠળ સી.પી., મંદબુધ્ધિ, ઓટિઝમ, મલ્ટીપલ ડિસેબલ્ડ બાળકોને ૧ વર્ષમાં ૧ લાખ સુધીની મેડિકલ સહાય નેશનલ ટ્રસ્ટ, ન્યૂ દિલ્હીના સૌજન્યથી મળે છે. જેમાં રાજ્ય સરકાર તરફથી નેશનલ ટ્રસ્ટમાં નોંધણીકૃત સંસ્થાઓ દ્વારા દિવ્યાંગ બાળકોને આ પોલિસી વિનામૂલ્યે મળી શકે છે. ભાવનગરમાં PNR સોસાયટી આ કાર્ય ૨૦૧૬થી કરી રહી છે.





# શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા

✍ જ્યોતિ ભટ્ટી



## વિજ્ઞાન મેળો :



શાળામાં તાલુકા કક્ષાના ઓનલાઈન વિજ્ઞાન મેળાનું આયોજન તા. ૭ ફેબ્રુ.'૨૨ ના રોજ કરવામાં આવેલ. જેમાં ૨૭ હાઈસ્કૂલના ૫૪ બાળ વૈજ્ઞાનિકોએ પોતાની કૃતિ ઓનલાઈન રજૂ કરેલ. જેમાં શાળાના શ્રવણમંદ વિદ્યાર્થીઓએ ECO friendly, ઉપયોગી વસ્તુઓનું નિર્માણ કરી સામાન્ય બાળકોની સાથે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી ભાગ લીધેલ. નિર્ણાયક તરીકે શ્રી જી.જે. મૈયાણી સાહેબ, શ્રી નિકુંજભાઈ પારેખ, શ્રી ભરતભાઈ ડાંખરા, શ્રી નરેન્દ્રભાઈ ગોસ્વામીએ સેવા આપેલ. સમગ્ર વિજ્ઞાન મેળાનું આયોજન અને સંચાલન શાળાના યજમાનપદે થયેલ. શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે અને વિજ્ઞાન મેળાના કન્વીનર શ્રી ચંદ્રમૌલીભાઈ એ સમગ્ર આયોજન માટે જહેમત ઉઠાવેલ.

## સ્વાસ્થ્ય અને સંસ્કૃતિનું સંરક્ષણ :



શાળામાં **આઝાદી કા અમૃત મહોત્સવ** અંતર્ગત ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ''દિલ્હી નવયોગા'' તરફથી વિદ્યાર્થીઓનું સ્વાસ્થ્ય સારું રહે તેમજ ભારતીય સંસ્કૃતિથી પરિચિત રહે તે હેતુથી તા. ૧૯ ફેબ્રુ.'૨૨ ના રોજ શાળાના મેદાનમાં સંસ્કૃત શ્લોકોના ઉચ્ચારણ સાથે સૂર્ય નમસ્કાર તેમજ યોગા કરાવવામાં આવેલ. જેમાં શ્રી ચેતનાબહેન બગડીયા (યોગા ટિચર), શ્રી રાજેશ્રીબહેન જાદવ (યોગ ટ્રેનર) તેમજ અન્ય બહેનોએ જહેમત ઉઠાવેલ. વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લીધેલ.

## બાળ વૈજ્ઞાનિકોનું અભિવાદન તથા નવ-નિયુક્ત શિક્ષણ નિરીક્ષકોને આવકાર :

શાળાના યજમાન પદે SVS-2 (ધ્યાન) કક્ષાના વિજ્ઞાન મેળાના બાળ વૈજ્ઞાનિકોનું અભિવાદન તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં નવનિયુક્ત શિક્ષણ નિરીક્ષક શ્રી મનોહરસિંહ ગોહિલ અને શ્રી જીજ્ઞેશભાઈ વ્યાસનો સ્વાગત કાર્યક્રમ તા. ૨૮ ફેબ્રુ.'૨૨ ના રોજ સંસ્થામાં જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એન. જી. વ્યાસ સાહેબના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. વિજ્ઞાનમેળામાં પ્રથમ ક્રમે આવેલ શાળાઓનું શિલ્ડ અને પ્રમાણપત્ર દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. બાદમાં શ્રી વ્યાસ સાહેબે ધો. ૧૦ અને ધો. ૧૨ ના વર્ગોની મુલાકાત લીધેલ અને શ્રવણમંદ વિદ્યાર્થીઓને માર્ગદર્શન તથા શુભેચ્છા આપેલ. કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના શિક્ષણ નિરીક્ષક શ્રી વિક્રમસિંહ પરમાર, સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, માધ્યમિક વિભાગના આચાર્યશ્રી શૈલેષભાઈ દવે તથા પ્રાથમિક વિભાગના આચાર્ય શ્રી ઈલાબહેન મજમુદાર ઉપસ્થિત રહેલ. આભારવિધિ શ્રી શૈલેષભાઈ દ્વારા કરવામાં આવી, તેમજ સંચાલન શ્રી વિશ્વાબહેન ભટ્ટે કર્યું હતું.

## વિશ્વ માતૃભાષા દિવસ :



શાળામાં તા. ૨૧ ફેબ્રુ.'૨૨ ના રોજ **વિશ્વ માતૃભાષા દિવસ**ની સંસ્થાના ટ્રસ્ટી શ્રી મફતભાઈની પ્રેરણા અને માર્ગદર્શનથી ઉજવણી કરવામાં આવી. જેમ આપણા જીવનને આપણી મા ઘડે છે, તેમ આપણી માતૃભાષા પણ આપણા જીવનને ઘડે છે. મા અને માતૃભાષા બંને

મળીને આપણા જીવનના ફાઉન્ડેશનને મજબૂત બનાવે છે. આ વિચાર સાથે શાળાના ધો. ૯ થી ધો. ૧૧ ના વિદ્યાર્થીઓને શાળાના મેદાનમાં ઝાડની છાયામાં બેસાડી આશરે ૮૦ જેટલા પુસ્તકો વાંચ્યા તેમજ ન સમજાય ત્યાં શિક્ષકોની મદદથી સમજવા પ્રયત્ન કર્યો. શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ વાંચન વિકસાવવા તેમજ આ કાર્ય હંમેશા ચાલુ રાખવા જણાવેલ. શ્રી વિશ્વાબહેન ભટ્ટે દરેકને માતૃભાષાનું મહત્વ સમજાવેલ.

**વિશ્વ મહિલા દિવસ :**

શાળામાં તા. ૮ માર્ચ ૨૨ ના રોજ **વિશ્વ મહિલા દિવસ** વિશિષ્ટ રીતે ઉજવવામાં આવ્યો. આ દિવસે શાળાની વિદ્યાર્થીનીઓ માટે વિવિધ પરંપરાગત રમતો જેવી કે, લીંબુ-ચમચી, કોથળા દોડ, લંગડી, લોટ ફૂંક, કેળું પકડા, દોરડા ખેંચ, સંગીત ખુરશીની સ્પર્ધા યોજવામાં



આવેલ. શાળાની દરેક વિદ્યાર્થીનીઓએ વિવિધ રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. તેમજ વિજેતા વિદ્યાર્થીનીઓને સન્માનિત કરવામાં આવેલ. પ્રિન્સિપાલ શ્રી શૈલેષભાઈ દવેના માર્ગદર્શન અને શ્રી જયોતિબેન બારૈયા, શ્રી ભક્તિબહેન, શ્રી અનુપાબહેન, શ્રી મુકેશભાઈ, શ્રી વિરેન્દ્રભાઈના સંચાલન તેમજ અન્ય સ્ટાફના સહકારથી કાર્યક્રમ સફળ રહ્યો. અંતમાં શ્રી શૈલેષભાઈએ **વિશ્વ મહિલા દિવસ** વિશે માહિતી આપેલ અને શુભેચ્છાઓ પાઠવેલ.



# શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ (હિયરિંગ ઈમ્પાયર્ડ)



✍ સંતોષ યાદવ

**ડી.એડ. (સ્પે.) એજ્યુ. પ્રવેશ બાબત મીટિંગ :**

તા. ૧૩/૨ ના રોજ ભારતની જુદી-જુદી સંસ્થાઓના વડાઓ, સ્ટેક હોલ્ડર્સ અને પ્રોફેશનલ્સની મીટિંગ યોજવામાં આવી. જેમાં આર. સી.આઈ. માન્ય ડિપ્લોમા લેવલ અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયાને લગતી સમસ્યાઓ વિશે ચર્ચા-વિચારણામાં ડૉ. સંતોષભાઈ યાદવે સક્રિય ભાગ લીધેલ.

**યુજીસી હ્યુમન રિસર્ચ ડેવલોપમેન્ટ સેન્ટર - રાણી દુર્ગાવતી વિશ્વ વિદ્યાલય જબલપુર :**

સાતમો **ગુરુદક્ષતા કાર્યક્રમ** તા.૧૩/૧૨ થી તા. ૧૩/૧ દરમ્યાન યોજવામાં આવેલ. જેમાં ડૉ. સંતોષભાઈ વિષયને અનુરૂપ માહિતી પણ લીધેલ અને સક્રિય ભાગ લઈને પ્રતિભાવ આપેલ. જેમાં ડૉ. સંતોષભાઈ યાદવને A+ ગ્રેડ પ્રાપ્ત થયેલ, તા. ૨૧/૨ થી તા. ૫/૩ દરમ્યાન 'ઓનલાઈન રિફ્રેશર કોર્સ ફોર ટિચર એજ્યુકેટર' વિષય પર ડૉ. સંતોષભાઈ યાદવે ભાગ લીધેલ અને નવી શિક્ષણ નીતિ તથા અધ્યાપક શિક્ષામાં નવા ચાર વિષય ઉપર માહિતી મેળવેલ.

**પરીક્ષા :**

ડી.એડ.સ્પે.એજ્યુ. (H.I.) વર્ષ ૨૦૨૧-૨૩ના તાલીમાર્થીઓની પ્રથમ અને દ્વિતીય સેમેસ્ટરની એક્સટર્નલ સત્રાંત થિયરી પરીક્ષા તા. ૭/૨ થી તા. ૧૪/૨ દરમ્યાન લેવામાં આવી અને પ્રેક્ટિકલ પરીક્ષા તા. ૨૫, ૨૬/૨ માં એક્સટર્નલ એકઝામિનર શ્રી જીજ્ઞેશભાઈ ચૌહાણ અને શ્રી સંકેતભાઈ મહેતા દ્વારા લેવામાં આવી.



**વેબિનાર :**

**સમેકિત ક્ષેત્રિય કૌશલ વિકાસ, પુનર્વાસ અને દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્ર ગોરખપુર** દ્વારા આયોજિત તા. ૧૬/૨ ના દિવસે એક વેબિનાર પર કોવિડ - ૧૯ ની ત્રીજી લહેર દરમ્યાન, દિવ્યાંગજનો માટે ગૃહ આધારિત પ્રવૃત્તિ વિષય પર ડૉ. સંતોષભાઈ યાદવને લેકચર લેવા નિમંત્રણ મળેલ.

**ગુરુદક્ષતા કાર્યક્રમઃ**

**સમેકિત ક્ષેત્રિય કૌશલ વિકાસ, પુનર્વાસ અને દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્ર જબલપુર** દ્વારા આયોજિત તા. ૧૪/૨ થી ૧૪/૩ સુધીના ગુરુદક્ષતા કાર્યક્રમમાં તા. ૧૧/૩ ના રોજ ત્રણ કલાકના "Sensitization about Disability and Challenges of Special Education" વિષય પર ડૉ. સંતોષભાઈ યાદવ દ્વારા લેકચર લેવામાં આવેલ.

**એલ.આઈ.સી. :**

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી દ્વારા તા. ૨૮/૨

ના રોજ બી.એડ. સ્પે. એજ્યુકેશન (એચ.આઈ) અભ્યાસક્રમની માન્યતા લંબાવવા માટે, યુનિવર્સિટી તરફથી સ્થાનિક તપાસ સમિતિના સભ્ય તરીકે નિમાયેલ જયંતભાઈ વ્યાસ, દિલીપભાઈ બારડ અને પ્રો. વી. વી. પંડયાએ ચાલુ જોડાણ માટે તપાસ કરેલ.

### વિશ્વ શ્રવણ દિવસની ઉજવણી :

તા. ૩/૩ ના રોજ **વિશ્વ શ્રવણ દિવસ** નિમિત્તે શ્રી મંજુબેન યાદવ દ્વારા "To hear for life, listen with care !" થીમ પર એક લેકચર લેવામાં આવેલ અને શ્રવણ દિવસ વિશે તાલીમાર્થીઓ અને શિક્ષકોને માહિતી આપવામાં આવેલ.

### તાલીમાર્થીઓનું સ્વાગત :



તા. ૧૨/૩ ના રોજ ડી.એડ. (સ્પે.) એજ્યુકેશન અને બી.એડ. (સ્પે.) એજ્યુકેશન વર્ષ ૨૦૨૧-૨૩ની બેન્ચના તાલીમાર્થીઓ માટે એક સ્વાગત સમારંભ સંસ્થાના ઓડિટોરિયમમાં યોજવામાં આવ્યો. જેમાં જૂના તાલીમાર્થીઓએ નવા તાલીમાર્થીઓને આવકાર આપ્યો. જેની અધ્યક્ષતા ટીટીસીના ચેરમેન શ્રી ડી.જે. ધંધુકિયા દ્વારા કરવામાં આવેલ.

### વિઝિટ :



સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શિક્ષણ ભવનના એમ.એડ.ના તાલીમાર્થીઓ અને સ્ટાફ સહિત કુલ ૩૫ લોકોએ તા. ૧૬/૩ ના રોજ સંસ્થાની મુલાકાત લીધી અને દિવ્યાંગ બાળકોના વિશિષ્ટ શિક્ષણ અને દિવ્યાંગતાના ક્ષેત્રે ચાલી રહેલ અભ્યાસક્રમ વિશે માહિતી આપેલ.

### હોળીની ઉજવણી :

તા. ૧૬/૩ ના દિવસે હોળીના તહેવાર નિમિત્તે ટિચર્સ ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓ અને શિક્ષકોએ હોળીની ઉજવણી કરી હતી.



# શ્રીમતી પ્રભાકુંવરબેન રતિલાલ વાઘર કૃત્રિમ સાધન સહાય વર્કશોપ



વિપુલ જેઠવા

**૧.** માહે ફેબ્રુ.`૨૨ માસમાં લોકલ લેવલે કુલ ૯૨ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ છે. જેમાં લાભાર્થીઓને આશરે ૧૦૮ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, અડધા પગ-૧, અડધો પગ-૨, ની-બ્રેસ-૧૭, હેન્ડ સ્પિલન્ટ-૬, નાઈટ સ્પિલન્ટ-૪, સ્પાઈનલ ઓર્થોસિસ-૫, કેલીપર-૭, એ.એફ.ઓ.-૧૧, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૭ ક્રચીઝ-૧ તથા ૪૭ જુદા-જુદા સાધનો જેવા કે વાલગસ પેડ, એલ.એસ. બેલ્ટ વિગેરે પૂરાં પાડવામાં આવેલ. તેમજ જરૂરિયામંદ દર્દીઓને સર્વાઈકલ કોલર, ફકત ટોકન પેમેન્ટથી પૂરું પાડવામાં આવેલ.

**૨.** લોકલ લેવલે માહે ફેબ્રુ.`૨૨ સંસ્થામાં ગત તા. ૧૦ ફેબ્રુ.`૨૨ તથા તા. ૧૧ ફેબ્રુ.`૨૨ તેમજ તા. ૨૨ ફેબ્રુ.`૨૨ ના રોજ દાતાશ્રી અલંગ ઓટો એન્ડ જનરલ એન્જિનીયરીંગ કંપની તરફથી બે કેમ્પ તથા શ્રી મુકતાબેન મનહરલાલ પારેખ (એટલાન્ટા યુ.એસ.એ.) તરફથી એક કેમ્પ એમ કુલ-૩ કેમ્પ યોજવામાં આવેલ. જેમાં કુલ ૫૭ લાભાર્થીઓને કુલ ૬૦ જુદા-જુદા સાધનો પૂરા પાડવામાં આવેલ હતાં. જેની વિગત નીચે મુજબ છે.
આખો હાથ-૧, અડધો હાથ-૧, આખા પગ-૮, અડધા પગ-૧૮, ટ્રાયસિકલ-૧ તથા કેલિપર મેટલ તથા પ્લાસ્ટિકના મળીને ૩૧ સાધનો પૂરા પાડવામાં આવેલ હતાં, લાભાર્થીઓની વિગત દરેક કેમ્પની તારીખ સાથે અલગથી મોકલવામાં આવેલ છે.

**૩.** સંસ્થાના સિનિયર ડૉ. નાયક દ્વારા માહે ફેબ્રુઆરીમાં બેંગ્લોર, શીમોગા, સીરસી, મુંબઈ તથા પૂના મુકામે ની-બ્રેસના કેમ્પોનું આયોજન કરેલ. જેમાં ૧૫૦ જેટલી ની-બ્રેસ બનાવવામાં આવેલ છે.

### લોકલ કેમ્પ તા. ૧૧ ફેબ્રુ.`૨૨ લાભાર્થીઓ :

**૧.** અરશદ બી. ગુંદીગરા, ભાવનગરના છે, જેમની ઉંમર-૪ વર્ષની છે. તેઓને જન્મથી જ સેરેબ્રલ પાલ્સી હોવાથી તેમના બંને પગ કામ કરી શકતા ન હતાં. અને તે બાળકને ઉભા રહેવાની પણ તકલીફ હતી. તેઓને બંને પગે કેલિપર કરી આપેલ છે. જેના લીધે તેઓ બહાર રમી શકશે તેમજ ચાલી શકશે.

૨. કરશનભાઈ એસ. પરમાર, સુભાષનગર, ભાવનગરમાં રહે છે. જેમની ઉંમર ૭૫ વર્ષની છે. ફેકટરીમાં કામ કરતા એકિસડન્ટ થવાથી પગ કપાવવો પડેલ હતો. આવકમાં વૃધ્ધ પેન્શન સિવાય કઈ જ નથી. આપણે તેઓને આખો પગ ફીટ કરેલ જેનાથી તેઓ નાનું-મોટું કામ કરીને આવક મેળવી શકશે તથા સારી રીતે ચાલી પણ શકે છે. બાઈક પણ ચલાવી શકે છે.

૩. ભવાનભાઈ આ. મેણિયા, સુરેન્દ્રનગર જિલ્લાના લીમડીના દેવપરા ગામે રહે છે. જેમની ઉંમર ૫૫ વર્ષની છે. તેઓને પગમાં કપાસી થવાથી પગ કપાવવો પડેલ. પગ કપાઈ જવાના કારણે ખેતી કામ કરી ન હોતા શકતા. આપણે એમને અડધો પગ ફીટ કરી આપેલ જેનાથી તેઓ પોતાનું ખેતી કામ સારી રીતે કરી શકશે. અને ઘરની આવકમાં વધારો કરી શકશે.

**લોકલ કેમ્પ તા. ૨૨ ફેબ્રુ.`૨૨ લાભાર્થીઓ :**

૧. લાભાર્થી શ્રી પાંચાભાઈ સાંખટ કે. જેઓની ઉંમર ૬૫ વર્ષની છે. તેઓ ગામ કાતર, તા. રાજુલા, જિ. અમરેલીમાં રહે છે. અને હાલ પશુપાલનનો વ્યવસાય કરે છે. ભૂતકાળમાં તેઓને પડી જવાથી જમણો હાથ કોણીથી ઉપરનો કપાવવો પડેલ હતો. તેઓને આજે કૃત્રિમ હાથ પહેરાવેલ અને તે કૃત્રિમ હાથની મદદથી તેઓ પોતાનું કાર્ય સરળ રીતે કરી શકશે.

૨. શ્રી પ્રમોદભાઈ ઠાકર જેઓની ઉંમર ૬૩ વર્ષની છે. અને તેઓ એસ.ટી. માં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતાં. તેઓ ચરખડી, તા. ગોંડલ, જિ. રાજકોટના વતની છે. તેમને ડાયાબિટીશની તકલીફને લઈને ગોઠણથી ઉપર પગ કપાવવો પડેલ હતો. તેઓ પ્રથમ વખત જ પગ પહેરે છે. જેનાથી તેઓ પોતાનું કાર્ય વ્યવસ્થિત રીતે કરી શકશે. તેઓએ દાતાશ્રીઓનો આભાર માની લાગણી વ્યક્ત કરેલ છે.

૩. શ્રી બાલુભાઈ વઘાસિયા જેમને જમણો પગ ગોઠણથી નીચેનો ડાયાબિટીશને લીધે કપાવવો પડેલ હતો. તેઓ ખેતીના વ્યવહાર સાથે સંકળાયેલા છે. જેથી તેઓ આ કૃત્રિમ પગ પહેરીને ખેતીકામ ભવિષ્યમાં કરી શકશે. તેઓએ આભારની લાગણી વ્યકત કરેલ.



# 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા



✍ નેહલ ગઢવી

**ટ્રેનિંગ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલનઃ**



તા. ૯ માર્ચ`૨૨ ના રોજ ટિચર્સ ટ્રેનિંગ કોલેજ (M.R.) ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયેલ. જેમાં વર્ષ ૨૦૦૩ થી ૨૦૧૦ સુધીની બેચના વિદ્યાર્થીઓ જોડાયેલ. તેમજ આ પ્રસંગે સંસ્થાના ભૂતપૂર્વ માનદ મંત્રી શ્રી અનંતભાઈ એ. શાહ (મફતભાઈ), ઉપપ્રમુખ શ્રી વિનુભાઈ હકાણી, માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ, આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી, ભુતપૂર્વ કો-ઓર્ડિનેટર શ્રી રેશ્માબેન શાહ, ફેકલ્ટી મેમ્બર્સ શ્રી ભારતીબેન ભટ્ટ, શ્રી વિણાબેન દવે, શ્રી લાભુભાઈ સોનાણી, શ્રી અનિલસિંઘ, શ્રી અમિત મિત્રા, શ્રી સોનલબહેન દેસાઈ વિગેરે ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ટ્રસ્ટીઓ તથા ફેકલ્ટી મેમ્બરે પોતાના સંસ્મરણો વાગોળેલ, તેમજ વિદ્યાર્થીઓ અત્યારે કયાં વિભાગમાં નોકરી કરે છે? તેની માહિતી આપેલ. અંતમાં તમામે સ્વરૂચિ ભોજન સાથે લીધેલ. ભૂતપૂર્વ કો-ઓર્ડિનેટર શ્રી રેશ્માબેન શાહના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સુંદર રીતે સંપન્ન થયેલ.

**વિશ્વ મહિલા દિવસની ઉજવણી :**

તા. ૮ માર્ચ `૨૨ સમગ્ર વિશ્વમાં મહિલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે, શાળામાં પણ નોકરી કરતાં બહેનો માટે આ દિવસ ખાસ હોવાથી ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓ દ્વારા આ દિવસની વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવેલ.તાલીમાર્થીઓ દ્વારા દરેક બહેનો પર પુષ્પ વર્ષા કરવામાં આવેલ તથા તેમને વિશ્વ મહિલા દિવસની શુભેચ્છા આપવામાં આવેલ.

**સંસ્થા દર્શન :**

તા. ૧૧ માર્ચ`૨૨ ના રોજ સુરત સ્થિત શ્રુતિ સ્કૂલના ૧૨ શિક્ષકોએ સંસ્થાની વિઝિટ કરી, દરેક પ્રવૃત્તિઓ નિહાળેલ. સંસ્થાના સુંદર કાર્ય બદલ સ્ટાફ પરિવારને અભિનંદન આપેલ તથા દરેક બાળકોને આકર્ષક ગિફટ આપેલ.

**ધૂળેટી પર્વની ઉજવણી :**

તા. ૧૪ માર્ચ `૨૨ ના રોજ શાળામાં શ્રી ભારતીબેન સરવૈયા

(લાયન્સ કલબ ઓફ ભાવનગર વેસ્ટ) ના અતિથિવિશેષ પદે હર્ષોલ્લાસ સાથે ધૂળેટી પર્વની ઉજવણી કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત શાળાની વિદ્યાર્થીની જાનકી મહેતાના શ્લોકગાન દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ શિક્ષક શ્રી હરદીપભાઈએ આવેલ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરેલ તેમજ અતિથિ વિશેષ શ્રી ભારતીબેન સરવૈયાએ પ્રસંગોચિત ઉદબોધન કરેલ. ત્યારબાદ મહેમાનો દ્વારા બાળકોની સાથે ધૂળેટીની ઉજવણી કરવામાં આવેલ અને દરેક બાળકોને નાસ્તો આપવામાં આવેલ.

કાર્યક્રમનું સંચાલન ડૉ. ભાવનાબેન અંધારિયાએ તથા આભારવિધિ શ્રી પારસભાઈ પરમારે કરેલ. સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ સુંદર રીતે સંપન્ન થયેલ.

## ટિચર્સ ટ્રેનિંગ કોલેજ (એમ.આર.)

### D.Ed. S.E. (M.R) બેચ વર્ષ ૨૦૨૨-૨૪ વિદ્યાર્થીઓનું વેલકમ :




'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા-ટ્રસ્ટ સંચાલિત સ્વ. શશીકાંત સાકરલાલ વેલાણી ટિચર્સ ટ્રેનિંગ કોલેજમાં ચાલતાં D.Ed. S.E. (M.R) કોર્સમાં વર્ષ ૨૦૨૨-૨૪ ની બેચમાં કુલ ૧૮ તાલીમાર્થીઓએ પ્રવેશ મેળવેલ. જેઓ બધાંજ રાજસ્થાન રાજયના છે. તા. ૨૭ ફેબ્રુ.`૨૨ ના રોજ તેઓનું 'અંકુર' શાળા પરિવાર દ્વારા વેલકમ કરવામાં આવેલ. તથા કો-ઓર્ડિનેટર શ્રી ડૉ. ભાવિકાબેન કામદાર દ્વારા કોર્સ અંગેની માહિતી આપવામાં આવેલ. આ પ્રસંગે શાળાના માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી, વી.આઈ. ના કો-ઓર્ડિનેટર શ્રી કિરણબેન ઉપસ્થિત રહેલ.

### એજ્યુકેશનલ વિઝીટ :

ટિચર્સ ટ્રેનિંગ કોલેજમાં નવા પ્રવેશ પામેલા તાલીમાર્થીઓને (બેચ વર્ષ ૨૦૨૨-૨૪) પી.એન.આર. સોસાયટી સંલગ્નિત વિવિધ સંસ્થાઓની એજ્યુકેશનલ વિઝીટ કરાવવામાં આવેલ. ટ્રેનિંગ કોલેજના ફેકલ્ટી મેમ્બર્સ શ્રી ખુશ્બુબેન ચૌહાણે વિવિધ સંસ્થાઓની વિઝીટ કરાવી સંસ્થાઓની પ્રવૃત્તિઓથી તાલીમાર્થીઓને માહિતગાર કરેલ.

### ગેસ્ટ લેકચર્સ :

તા. ૨૮ ફેબ્રુ.`૨૨ ના રોજ ઓરિએન્ટેશન પ્રોગ્રામ અંતર્ગત ટ્રેનિંગ કોલેજના તાલીમાર્થીઓ માટે એક ગેસ્ટ લેકચર્સનું આયોજન કરવામાં આવેલ. જેમાં કાપડિયા કોલેજના પ્રો. ડૉ.ભરતભાઈ ભટ્ટ તેમજ રિયા ભટ્ટ દ્વારા પોઝિટીવ એટિટ્યુડ વિષય ઉપર જ્ઞાનસભર સુંદર માહિતી આપવામાં આવેલ તથા એકિટવીટીના આધારે આ વિષયને ઉંડાણપૂર્વક સમજાવવામાં આવેલ. આ પ્રોગ્રામમાં શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી તથા ટ્રેનિંગ કોલેજના કો-ઓર્ડિનેટર શ્રી ડૉ.ભાવિકાબેન કામદાર હાજર રહેલ. કોલેજના તાલીમાર્થીઓ માટે એક ગેસ્ટ લેકચર્સનું આયોજન કરવામાં આવેલ. જેમાં ભાવનગર યુનિવર્સિટી મનોવિજ્ઞાન વિભાગના સિનીયર પ્રો. ડૉ. અરવિંદભાઈ જી. ડુંગરાણીએ બુધ્ધિ પરીક્ષણના મહત્વ વિશે જ્ઞાનસભર માહિતી આ લેકચર્સમાં ટ્રેનિંગ કોલેજના તમામ તાલીમાર્થીઓ શાળાના આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી, કો-ઓર્ડિનેટર શ્રી ડૉ. ભાવિકાબેન કામદાર તથા ફેકલ્ટી મેમ્બર્સ શ્રી ખુશ્બુબેન ચૌહાણ હાજર રહેલ.

### નટરાજ લાઈબ્રેરીમાં નવા આવેલા પુસ્તકો

| પુસ્તકનું નામ | લેખક/સંપાદન | પબ્લિકેશન | પુસ્તકનું નામ | લેખક/સંપાદન | પબ્લિકેશન |
|---|---|---|---|---|---|
| સરસ્વતીચંદ્ર | | | અગ્નિ કન્યા | ધ્રુવ ભટ્ટ | ગુર્જર સાહિત્ય પ્રકાશન |
| ભાગ-1-2-3-4 | ગોવર્ધનરામત્રિપાઠી | આદર્શ પ્રકાશન | તત્વમસી | ધ્રુવ ભટ્ટ | ગુર્જર સાહિત્ય પ્રકાશન |
| મળેલા જીવ | પન્નાલાલ પટેલ | સંજીવની | ઝાકળ ભીના | | |
| માનવીની ભવાઈ | પન્નાલાલ પટેલ | સંજીવની | પારિજાત | ગુણવંત શાહ | આર. આર. શેઠ એન્ડ કંપની |
| પૃથ્વીવલ્લભ | ક.મા. મુનશી | ગુર્જર પ્રકાશન | સોક્રેટિસ | મનુભાઈ પંચોળી "દર્શક" | આર. આર. શેઠ એન્ડ કંપની |
| લોપા મુદ્રા | ક.મા. મુનશી | ગુર્જર પ્રકાશન | સંભવ અસંભવ | હરકિશન મહેતા | પ્રવિણ પુસ્તક ભંડાર |
| સૌરાષ્ટ્રની રસધાર | ઝવેરચંદ મેઘાણી | ઉઝમા પબ્લિકેશન | દેવ દાનવ | હરકિશન મહેતા | પ્રવિણ પુસ્તક ભંડાર |

# દિવ્યાંગોને પ્રોત્સાહન

## દિવ્યાંગતાને પૃથ્વી પર આવતા અટકાવો

### ૧૩૦ આનુવંશિક બિમારીને જિનેટિક મ્યુટેશન સાથે સંબંધ

પાકિસ્તાનમાં નજીકના સંબંધીઓ વચ્ચે નિકાહ (કઝીન મેરેજ) ના ચલણને કારણે જિનેટિક ડિસઓર્ડર વધી રહ્યાં છે. ઈનબ્રીડિંગ કે પારિવારિક સંબંધી વચ્ચે નિકાહને કારણે અસામાન્ય હદે મોટી સંખ્યામાં આનુવંશિક ફેરફાર થઈ રહ્યો છે. તેના કારણે બિમાર બાળકોની સંખ્યા વધી રહી છે. વિજ્ઞાનીઓનું કહેવું છે કે લોહીના સંબંધ હોય તેવા યુવક-યુવતીના લગ્નથી જન્મેલાં બાળકોમાં સિકલસેલ, ડાઉન સિન્ડ્રોમ, થેલેસીમિયા અને લ્યુકેમિયાના કેસ વધી રહ્યાં છે, જે ૫૬ વર્ષના શિક્ષક ગફૂર હુસેન શાહના પરિવારની સ્થિતિથી સમજી શકાય છે. પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં રહેતા ગફૂર ૮ સંતાનના પિતા છે. તેમણે ૧૯૮૭માં કાકાની દીકરી બહેન સાથે નિકાહ કર્યા હતાં. તેમના ૩ સંતાન આનુવંશિક બિમારીઓથી પીડિત છે. એક પુત્રના મગજનો પૂરતો વિકાસ નથી થયો, એક પુત્રીને બોલવામાં તકલીફ છે અને એક પુત્રી બધિર છે. શાહ પારિવારિક સંબંધીઓ વચ્ચે નિકાહથી આવનારી પેઢીના બાળકોમાં આનુવંશિક બિમારીઓના સંભવિત જોખમો વિશે તે જાણે છે. તે છતાં તેમણે પિતરાઈ બહેન સાથે નિકાહ કરવા પડયા. આ અંગે તેઓ કહે છે કે 'સામાજિક દબાણને કારણે તમે રીતરિવાજ તોડી નથી શકતા.' કરાંચી સ્થિત આરોગ્ય નિષ્ણાંત સિરાજુદૌલાએ જણાવ્યું કે 'તેમણે મૌલવીઓને આનુવંશિક બિમારીઓ અંગે જાગૃત કરવા અને નજીકના સંબંધીઓ વચ્ચે નિકાહના દુષ્પરિણામ અંગે ચેતવવા અનુરોધ કર્યો, તો કોઈ સહકાર ન મળ્યો.'

**સૌજન્ય : સૌરાષ્ટ્ર સમાચાર**

# દિવ્યાંગોની સાફલ્ય ગાથાઓ

## ચા વેચવાવાળા દિવ્યાંગ યુવકે નીટ પાસ કરી, ડૉક્ટર બનશે

આસામના એક ચા વેચવાવાળા ૨૪ વર્ષીય દિવ્યાંગ યુવકનું, ડૉક્ટર બનવાનું સપનું સાકાર થવા જઈ રહ્યું છે. કામની સાથે-સાથે વાંચન પર ધ્યાન આપીને રાહુલદાસ નામના દિવ્યાંગ યુવકે ડૉક્ટર બનવા માટેના અભ્યાસની મહત્વપૂર્ણ ગણાતી **નીટ પરીક્ષા** પ્રથમ પ્રયાસમાં જ પાસ કરી લીધી હતી.

૨૪ વર્ષીય રાહુલને દિલ્હીની એઈમ્સમાં સીટ પણ મળી ગઈ છે. તે આસામના બજારી જિલ્લાનો રહેવાસી છે. તેણે આ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે ઘણી મહેનત કરવી પડી છે. રાહુલ અને તેના ભાઈની દેખરેખ તેના માતા કરે છે. તેના પિતા બંને બાળકો અને પત્નીને એકલા છોડીને ૧૧ વર્ષ પહેલા કયાંક જતા રહ્યાં છે. જે બાદ માતાએ જ પોતાના બંને બાળકોનું ભરણપોષણ કર્યું હતું.

ગરીબી એટલી હતી કે રાહુલે ૧૨મા ધોરણ બાદ પોતાનું શિક્ષણ છોડવું પડયું હતું. જો કે ડૉક્ટર બનવું તેનું સપનું હતું, જે માટે તેણે હિંમત ન હારી અને પોતાના એક વિસ્તારમાં ચાની દુકાન પર કામ કરવાનું શરૂ કરી દીધું હતું. તે દુકાને થોડા પગાર પર ચા વેચવા માટે રહી ગયો અને માતાને મદદ કરતો ગયો. સાથે-સાથે તેણે વાંચન શરૂ રાખ્યું.

રાહુલે કહ્યું હતું કે જ્યારે પણ સમય મળતો ત્યારે હું દુકાન પર વાંચન કરી લેતો. મેં ૨૦૧૫માં ૧૨મુ ધોરણ પાસ કરી લીધું હતું. બાદમાં મેં વધુ અભ્યાસ માટે પેટ્રોકેમિકલ્સ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીમાં એડમિશન લીધું. મારી પાસે પુસ્તકો ખરીદવા માટે પૈસા ન હોતા, તેથી ઈન્ટરનેટની મદદથી વાંચન શરૂ રાખ્યું. અને નીટની પરીક્ષાની તૈયારી શરૂ કરી. નીટમાં રાહુલને ૧૨૦૬૮મો રેંક મળ્યો છે અને તેને દિલ્હીની એઈમ્સમાં એડમિશન મળી ગયું છે. આ અભ્યાસ પુરો થતા જ તે ડૉક્ટર બની જશે.

**- સૌજન્ય : ગુજરાત સમાચાર**

## ૧૧ વર્ષના દ્રષ્ટિહીન બાળકે ૩૦ મિનીટમાં ૬૦૦ મિટર નદી પાર કરી, લોકોએ કર્યું સન્માન

સ્વપ્ના ચોક્કસપણે બંધ આંખોથી જોવા મળે છે, પરંતુ તેને પૂરા કરવા માટે આંખો કરતાં વધુ જોશની જરૂર પડે છે. 11 વર્ષના દિવ્યાંગ, આર. મનોજે 30 મિનીટમાં 600 મિટર પેરિયાર નદી પાર કરીને સાબિત કર્યું કે શારીરિક નબળાઈ માત્ર એક માનસિક ભ્રમણા છે. આર. મનોજે તેના ટ્રેનર સાજી વેલાસેરિલના માર્ગદર્શન હેઠળ આ સપનું પૂરું કર્યું.

ટ્રેનર સાજીએ છેલ્લા 10 વર્ષમાં 3 હજારથી વધુ લોકોને સ્વિમિંગ કરાવ્યું છે. મનોજ, સાજીનો બીજો વિકલાંગ વિદ્યાર્થી હતો. અગાઉ નવનીત આ નદી પાર કરનાર પ્રથમ દિવ્યાંગ હતો.

મનોજ માટે, તેના ટ્રેનર અવાજના સંકેત સાથે સ્વિમિંગ શરૂ કરતો હતો. છઠ્ઠા ધોરણનો વિદ્યાર્થી આર મનોજ, બે અઠવાડિયામાં તરવૈયા બની ગયો હતો.

**- સૌજન્ય : વિકલાંગ મંચ**

# ૧ માર્ચ થી ૩૧ માર્ચ '૨૨ સુધીના દાતાઓની યાદી

## P. N. R. SOCIETY

PNR
HOPE 4 ALL

### 80-G

| Name | Rs. |
|---|---|
| Shri Gaurav G.Kapadia - Mumbai | 1,00,000 |
| Shri Rasikbhai Hiralal Rathod - Sarigam | 1,50,000 |
| Shri Kumudben Manilal Shah - Mumbai | 20,000 |
| Shri Babubhai Naranji Joshi - Mumbai | 10,000 |
| Shri Dharambhai Thakkar - Bhavnagar | 3,000 |
| Shri Ujjansinh Chavda - Bhavnagar | 10,000 |
| M/s. Kampani Charitable Trust - Mumbai | 2,00,000 |
| Shri Baiju Vinodray Vora - Bhavnagar | 1,100 |
| Shri Pravinchandra C Mehta & Shri Damyantiben P Mehta - Bhavnagar | 1,11,000 |
| Well Wisher - Bhavnagar | 5,000 |
| Shri Dipak Rajnikant Solani - Mumbai | 5,000 |
| Shri Dinshaw Darabsha Siganporia - Mumbai | 40,000 |
| Shri Majidbhai Pithadiaya - Bhavnagar | 9,050 |
| Shri Manoj Navnitlal Shah - Mumbai | 21,000 |
| Shri Jayshree Manoj Shah - Mumbai | 21,000 |
| Shri Kirti Anantrai Bhuta - Mumbai | 25,000 |
| Shri Pravinchandra Manilal Shah C/O.Parco Tractor Spares Corporation-Mumbai | 10,000 |
| Shri Bhikha Vallabh Charity Trust - Mumbai | 3,000 |
| Shri Meenaben Hiteshkumar Mehta Memory Of Matushri Savitaben - Bhavnagar | 30,000 |
| Shri Jitendra Kirtilal Bhansali Trust - Mumbai | 8,00,000 |
| Shri Mayank Ashwinbhai Bhatt Memory Of Late Shri Chimanlal Tribhovandas Bhatt - Bhavnagar | 2,501 |

### CSR

| Name | Rs. |
|---|---|
| M/s. Yupaa Fresh Pvt.Ltd - Mumbai | 14,00,000 |
| M/s.Yupaa Fresh Pvt.Ltd - Mumbai | 6,00,000 |
| M/s. SNS Overeas Pvt.Ltd - Mumbai | 2,00,000 |
| M/s. Navdeep Chemicals Pvt Ltd - Mumbai | 1,00,000 |
| M/s. Medinex Laboratories Pvt.Ltd-Bhavnagar | 4,00,000 |
| M/s. Diamines And Chemicals Limited - Vadodara | 2,00,000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| Name | Rs. |
|---|---|
| Late Vijayaben Lavchand Mehta - Bhavnagar | 10,000 |
| Late Vijayaben Lavchand Mehta - Bhavnagar | 3,500 |
| Shri Rohit D Samnani - Bhavnagar | 5,040 |
| Shri Narangiben B Vakharia Charitable Trust - Mumbai | 2,500 |
| Shri Girishbhai C Shah - Bhavnagar | 5,000 |
| Shri Bharatbhai Vanmalibhai Chudasama - Bhavnagar | 10,000 |
| Shri Prabodhbhai Shukla - Bhavnagar | 15,000 |
| Rotary Club Of Puna University Charitable Trust - Pune | 22,000 |
| Kumari Kavita Pratapray Nemchand Doshi - Mumbai | 1,100 |
| Shri Naliniben P Sampat - Mumbai | 717420 |
| Shri Hiralaxmi Mahendrabhai Shah-Bhavnagar | 2,000 |
| Shri Kalpesh Y Pandya - Bhavnagar | 4,500 |
| Shri Bhavesh Himatbhai Chavda - Bhavnagar | 25,000 |
| Shri Pradipbhai Himatbhai Chavda - Bhavnagar | 50,000 |
| Shri Bhavesh Himatbhai Chavda - Bhavnagar | 25,000 |
| Shri Aarav Tejasbhai Dholakia - Bhavnagar | 10,000 |
| Shri Nikhilbhai Makati - Bhavnagar | 5,000 |
| Late Mangalaben Kantilal Vakani - Bhavnagar | 2,727 |
| Shri Prashant Kantilal Modi - Bhavnagar | 25,000 |
| Shri Himatlal Shantilal Sheth - Bhavnagar | 51,000 |
| Shri Hiteshbhai Ranabhai Mer - Bhavnagar | 6,000 |
| Late Dipakbhai Vaghela - Bhavnagar | 5,000 |
| Shri Dudhiben Devchand Mehta Charitable Trust - Mumbai | 2,500 |
| Late Suryaben A Mehta & Lt. Kundanben L Sanghavi - Mumbai | 10,000 |
| Shri Vipinbhai Mandaliya - Bhavnagar | 11,000 |
| Shri Dr. Navnitbhai C Thakur - Bhavnagar | 2,100 |
| Shri Ullhas Chandrakant Paymaster - Mumbai | 30,000 |
| Shri Ullhas Chandrakant Paymaster - Mumbai | 21,000 |
| Shri Sejalben N Mehta - Bhavnagar | 3,100 |
| Shri Mandipsinh Rajendrasinh Zala - Bhavnagar | 3,400 |
| Shri Pravinchandra Manilal Shah - Mumbai | 5000 |
| Shri Jaybhai K Shivsagar - Bhavnagar | 1000 |
| Shri Hemantkumar Kantilal Bhayani - Bhavnagar | 10000 |
| Shri Hemantkumar Kantilal Bhayani - Bhavnagar | 4000 |
| Shri Dharamshibhai Savjibhai Donda-Bhavnagar | 2000 |
| Shri Aarav Tejasbhai Dholakia - Bhavnagar | 5000 |
| Shri N.Bhau (Jwellers) Pvt. Ltd. - Mumbai | 75000 |
| Shri Navnit Foundation - Mumbai | 100000 |

## ANKUR SPECIAL SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| Name | Rs. |
|---|---|
| M/s. Alang Auto & Gen. Eng. Co. Pvt. Ltd. Bhavnagr | 5,40,000 |
| M/s. Diatrends Jewellery Private Limited - Mumbai | 4,11,000 |
| M/s. Indiana Ophthalmics - Surendranagar | 2,00,000 |
| M/s. Unison Pharmaceuticals Pvt Ltd - Ahmedabad | 1,00,000 |
| Shri Bhavnaben Bhushanbhai Raval - Bhavnagar | 57,000 |
| Shri Rashmi Maneklal Gandhi - Bhavnagar | 57,000 |
| M/s. Dharamvir Foundation Trust - Bhavnagar | 56,000 |
| Shri Ritaben Mihirbhai Kothari - Mumbai | 51,000 |
| M/s. Navnit Foundation - Mumbai | 50,000 |
| Shri Chandrakantbhai Bramha bhatt-Bhavnagar | 44,985 |
| Shri Satish K Mehta - Mumbai | 31,000 |
| M/s. Star Corrugating Industries - Mumbai | 30,000 |
| M/s. Star Packaging Industries - Mumbai | 30,000 |
| Shri Chimanlal Prabhudas Hakani Charitable Trust - Mumbai | 25,000 |
| Shri Saralaben Mukundbhai Joshi - Mumbai | 25,000 |
| Shri Viralbhai Valia - Bhavnagar | 25,000 |
| M/s. Samaj Navnirman Trust - Kutchh | 25,000 |
| M/s. Sumitomo Chemical India Limited - Bhavnagar | 25,000 |
| M/s. Tanishq - Bhavnagar | 25,000 |
| Shri Diacentre - Mumbai | 21,000 |
| M/s. Rehan Jewels - Bhavnagar | 21,000 |
| Shri Mallika S Mehta - Mumbai | 21,000 |
| Shri Pathikbhai Nisheethbhai Mehta-Bhavnagar | 20,000 |

# ધુળેટી પર્વની ઉજવણી

## ૧. તળાજા રિસોર્સ સેન્ટર :

પી.એન.આર. સોસાયટી સંચાલિત, શ્રી એન.આર. શાહ મેમોરિયલ હોસ્પિટલ તળાજા ખાતે ચાલતા મગજના લકવાગ્રસ્ત તેમજ મંદબુધ્ધિ દિવ્યાંગ બાળકોના સેન્ટરના બાળકોને હોળી-ધુળેટીના ધાર્મિક પર્વ નિમિત્તે બાળકોને પિચકારી-ખજુર-ધાણી તેમજ લન્ચ બોકસ તથા પાણીની બોટલનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકોને કેમિકલ વાળો કલર નુકશાન કરે તે માટે ગુલાલથી તિલક કરી સાથે એકબીજા બાળકો ફૂલડાથી રમીને અનોખી હોળીના ધાર્મિક તહેવારની ઉજવણી કરી આનંદ માણ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા સેન્ટરના શ્રી પંકજભાઈ કટકિયા (સ્પેશ્યલ એજ્યુકેટર) દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## ૨. પાલિતાણા રિસોર્સ સેન્ટર :

પાલિતાણા રિસોર્સ સેન્ટર પર તા. ૧૯/૩ ના રોજ હોળી-ધુળેટીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દાતાશ્રી ચૌહાણ સમીમબેન ધીરૂભાઈ તરફથી બાળકોને અને વાલીઓને ફ્રૂટ પેકેટ નાસ્તો અને ચેવડો પેંડા આપવામાં આવ્યાં હતાં. બાળકો અને વાલીઓને પ્રોત્સાહિત કર્યા હતાં. જેમાં ૧૨ બાળકો અને વાલીઓ હાજર રહ્યાં હતાં. પાલિતાણા રિસોર્સ સેન્ટર તરફથી બાળકોને ખજુર-દાળિયા આપ્યાં હતાં. ફૂલોથી રંગોથી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતાં અને ચોકલેટ ખવડાવી હતી. ડૉ. અલિફિયાબેન અને કૈલાસબેને કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## ૩. મહુવા રિસોર્સ સેન્ટર :

મહુવા રિસોર્સ સેન્ટર પર તા. ૧૫/૩ ના રોજ હોળી-ધુળેટીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દાતાશ્રી કૌશબ શાયરના પરિવાર તરફથી બાળકોને ખજુરનું વિતરણ કરવામાં આવ્યું તેમજ સંસ્થા તરફથી બાળકોને પિચકારી તથા કલરનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉજવણીમાં ૧૨ બાળકોએ ભાગ લીધો હતો.

## ૪. સી.પી. સેન્ટર-ભાવનગર :

સી.પી. સેન્ટર પર તા. ૧૭/૩ ના રોજ હોળી-ધુળેટીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકો અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. એક બીજાને ગુલાલ લગાડેલ. સંસ્થા તરફથી બાળકોને પિચકારી, ઘુઘરો અને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે હોળી-ધુળેટીનું મહત્વ સમજાવી સૌને શુભેચ્છા આપેલ. આ પ્રસંગે ટ્રસ્ટી શ્રી મહાસુખભાઈ જકડિયા, ટ્રસ્ટી શ્રી પ્રદિપભાઈ ભટ્ટ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમને સફળ બનાવવા ફિઝીયોથેરાપિસ્ટ શ્રી ગીતાબેન કવાડ અને સ્ટાફે જહેમત ઉઠાવેલ.

ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

# શેઠ શ્રી વી. સી. લોઢાવાળા મેટરનીટી એન્ડ ચાઈલ્ડ હૉસ્પિટલ



મનસુખ સોરઠિયા

ડૉ. કૃણાલ નિર્મલ (M.S. Optho) કે, જેઓએ કોરોનાની ગંભીર પરિસ્થિતિમાં પોતાનું કર્તવ્ય સમજીને ૫૦૦ ઓપરેશન આ હોસ્પિટલમાં પૂર્ણ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને ડૉ. કૃણાલ નિર્મલને પ્રોત્સાહિત કરવા માટે તા. ૯/૩ ના રોજ એક **સત્કાર સમારોહ**નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે પી.એન.આર. સોસાયટીના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં સંસ્થાના માનદ મંત્રી શ્રી મનસુખભાઈ સોરઠિયા, ખજાનચી શ્રી કીર્તિભાઈ ગાંધી, શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા તથા સંસ્થાના તમામ ડૉકટરશ્રીઓ, હોસ્પિટલ સ્ટાફ ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ રાઠોડે ડૉ. કૃણાલ નિર્મલની કામગીરી પ્રસંશા કરી અને શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે ડૉ. કૃણાલ નિર્મલે આભારની લાગણી વ્યકત કરી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. સુનિલ જે. મહેતા દ્વારા કરવામાં આવેલ હતું.



# ધુળેટી પર્વની ઉજવણી



વિદ્યાનગર સેન્ટર




મહુવા સેન્ટર



પાલીતાણા સેન્ટર




તળાજા સેન્ટર



'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની વિશિષ્ટ શાળા

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24 ◆ Monthly
Date of Publication : 15 April-2022 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24



Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com